આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૪૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## પ્રાર્થનાસભા



## ભાવનાબેન પ્રફુલભાઈ પટેલ

તારીખ: 22/06/2026 સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

### સદ્ગતની પ્રાર્થનાસભા

**હિંમતનગર**

**તા: 26/06/2026, શુક્રવાર**

**સમય:**
બપોરે 3.00 થી 6.00 કલાકે

**સ્થાન:**
સ્વામિનારાયણ મંદિર, કાંકણોલ,
NH8, હિંમતનગર

**દમણ**

**તા: 29/06/2026, સોમવાર**

**સમય:**
બપોરે 3.00 થી 6.00 કલાકે

**સ્થાન:**
સ્વામી વિવેકાનંદ હોલ,
દમણ

**લિ.**

**પ્રફુલ ખોડાભાઈ પટેલ**
( પ્રશાસકશ્રી દીવ, દમણ, દાદરા અને નગરહવેલી તથા લક્ષદ્વીપ )

**સિદ્ધાર્થ પ્રફુલભાઈ પટેલ** ❀ **બ્રિન્દા સિદ્ધાર્થ પટેલ**

**શાનવી સિદ્ધાર્થ પટેલ**

### આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે

## વાંસદાના વાંદરવેલા, પ્રતાપનગર અને રાનવેરીખુર્દ ખાતે વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવ્યો



**નવસારી, તા.૨૩ :** રાજ્યવ્યાપી ત્રિદિવસીય 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬' અંતર્ગત આદિજાતિ વિકાસ, ખાદી , કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે વાંસદા તાલુકાના વાંદરવેલાની દાદરી ફળિયા પ્રાથમિક શાળા, પ્રતાપનગરની રૂકતાપનગર માધ્યમિક શાળા અને રાનવેરીખુર્દ ગામની જે. એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કુલ દિગેન્દ્ર નગર શાળાઓમાં ઉપસ્થિત રહી બાલવાટિકાના ૨૭, આંગણવાડીના ૧૨ તથા અને ૧૧ના ૬૩૨ સહિત કુલ ૬૭૧ વિદ્યાર્થીઓને શાળાપ્રવેશ કરાવી આવકાર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી નિરાલીબેન નાયક વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

શાળા પ્રવેશઉત્સવ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગ્રામજનોને સંબોધતા મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલો શાળા પ્રવેશોત્સવ આજે શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી અભિયાન બની ગયો છે. એક સમયે રાજ્યમાં શાળા છોડનારા બાળકોનું પ્રમાણ ચિંતાજનક હતું, પરંતુ સરકારના સતત પ્રયાસો, શાળાઓમાં ઉપલબ્ધ આધુનિક સુવિધાઓ અને વાલીઓમાં આવેલી જાગૃતિના પરિણામે આજે ડ્રોપઆઉટ રેશિયો ઘટીને એક ટકાથી પણ ઓછો રહ્યો છે. આ દરને શૂન્ય સુધી પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું.

મંત્રી નરેશભાઈ પટેલે વાલીઓને અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે માત્ર સરકાર જ નહીં પરંતુ પરિવાર અને સમાજની પણ સમાન જવાબદારી છે. બાળકોના શિક્ષણ પ્રત્યે સતત ધ્યાન આપવું અને તેમને નિયમિત અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવું આવશ્યક છે. મંત્રીએ દીકરીઓના શિક્ષણના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, 'એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે.' ભવિષ્યની માતા એવી દીકરીઓનું શિક્ષિત અને સશક્ત બનવું સમગ્ર સમાજના વિકાસ માટે અનિવાર્ય છે.

તેમણે જણાવ્યું હતું કે ગરીબી કે સ્થળાંતર જેવા સંજોગોને કારણે કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. શાળામાં અભ્યાસ કરતા દરેક દીકરા-દીકરીને શત-પ્રતિશત શિક્ષણ મળે તે માટે સૌએ સંકલ્પબદ્ધ બનવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી.

મંત્રીએ વિદ્યાર્થીઓ સાથે આત્મીય સંવાદ સાધી શાળાજીવન દરમિયાન જ પોતાના જીવનનું લક્ષ્ય નક્કી કરવા, ટ્રાફીક શિસ્ત, સમયપાલન અને નિયમિત અભ્યાસની ટેવ કેળવવા તેમજ માતા-પિતાના સપનાઓ સાકાર કરીને ગામ, રાજ્ય અને દેશના વિકાસમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, નોટબુક સહિતની શૈક્ષણિક કીટ અર્પણ કરી આવકારવામાં આવ્યા હતા. સાથે જ શાળાના પરિસરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી અને મહાનુભાવોને પુસ્તક અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સચિવાલયના અધિકારી હર્ષદભાઈ, વાંસદા પ્રાંત અધિકારી ભાર્ગવ મહાલા, જિલ્લા શિક્ષણ અધિકારી જયેશ ચૌધરી, પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી અગ્રવાલ, ટીડીઓ, ટીપીઓ, સ્થાનિક પદાધિકારીઓ, સરપંચઓ, એસએમસી કમિટીના સભ્યો, શિક્ષકો, વાલીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## વાંસદાના પાલધરમાં બેગ અને બોલપેનનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૨૩ :** શ્રી શકરપુર લેઉવા પાટીદાર વિદ્યોતેજક મંડળ, શ્રી શકરપુર એકડા પંચ ખંભાત દર વર્ષે ના જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીઓ માટે ડાયરા બેગ અને બોલ પેન નું વિતરણ કરવા પાલધર પટેલ સમાજને લાભ આપ્યો છે. આ માટે શ્રી લેઉવા પાટીદાર પટેલ સમાજ દ્વારા વાંસદા અને પાલધર એમનો બહુ ધન્યવાદ કરે છે. તારીખ ૨૧/૬/૨૦૨૬એ રવિવારે શ્રી લેઉવા પાટીદાર પટેલ સમાજ વાંસદાના સમાવિષ્ટ પાલધર જિલ્લામાં સમાજના ઉપપ્રમુખ પિયુષભાઈ પટેલના અધ્યક્ષ અને કમીટીના સદસ્ય દ્વારા ડાયરા બેગ અને બોલ પેનનું વિતરણ વ્યવસ્થા નીચેના ઉપસ્થિત સદસ્યના હસ્તે કમલેશ પટેલ, ભૂપેન્દ્ર પટેલ, કલ્પેશ પટેલ, નિલેશ પટેલ, ભીખાભાઈ પટેલ, હાર્દિક પટેલ, આશિષ પટેલ સંજય પટેલની હાજરીમાં બાળકોને કીટ વિતરણ કરવામાં આવી હતી અને શકરપૂર સમાજેઁ આભાર માન્યો હતો.

## બીલીમોરા શહેરમાં પ્રથમ RMUની સ્થાપના કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૨ :** દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા ગ્રાહકોને વધુ ગુણવત્તાસભર, સુરક્ષિત અને અવિરત વીજ પુરવઠો પૂરો પાડવાના હેતુસર બીલીમોરા શહેરના અંબિકા સોસાયટી વિસ્તારમાં આવેલા શિવમ ટ્રાન્સફોર્મર સબસ્ટેશન ખાતે પ્રથમ વખત આધુનિક રિંગ મેઈન યુનિટ (RMU)ની સફળ સ્થાપના કરવામાં આવી છે.



બીલીમોરા શહેરના વીજ વિતરણ માળખાના આધુનિકીકરણ તરફનું આ મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. RMUની સ્થાપનાથી LIC-2 ફીડર અને અંબિકા ફીડર વચ્ચે ઝડપી અને સુરક્ષિત લોડ ટ્રાન્સફરની સુવિધા ઉપલબ્ધ બનશે, જેના કારણે વીજ પુરવઠાની વિશ્વસનીયતા અને સતતતા નોંધપાત્ર રીતે વધશે.આધુનિક RMU ટેક્નોલોજીના અમલીકરણથી ફોલ્ટ કે જાળવણી દરમિયાન તાત્કાલિક વૈકલ્પિક વીજ પુરવઠો ઉપલબ્ધ થઈ શકશે. પરિણામે ગ્રાહકોને લાંબા સમય સુધી વીજ વિક્ષેપનો સામનો કરવો નહીં પડે. ઉપરાંત, ફોલ્ટ આઈસોલેશનની પ્રક્રિયા વધુ ઝડપી બનતા અસરગ્રસ્ત વિસ્તાર મર્યાદિત રહેશે અને વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં ઓછો સમય લાગશે. RMU દ્વારા વિકસિત થનારી રિંગ નેટવર્ક સિસ્ટમ વીજ વિતરણ વ્યવસ્થાને વધુ સ્થિર, સુરક્ષિત અને કાર્યક્ષમ બનાવશે. સાથે જ ઓપરેશન અને જાળવણીની કામગીરી વધુ સરળ બનશે તેમજ ભવિષ્યમાં સ્માર્ટ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અને અંડરગ્રાઉન્ડ કેબલ સિસ્ટમના વિસ્તરણ માટે પણ મજબૂત આધાર તૈયાર થશે. DGVCL દ્વારા હાથ ધરાયેલી આ પહેલથી બીલીમોરા શહેરના હજારો વીજ ગ્રાહકોને સીધો લાભ મળશે અને શહેરના વીજ પુરવઠા તંત્રને નવી દિશા મળશે.

## ડાંગની વિદ્યાર્થીનીએ રાષ્ટ્રીય કક્ષાના 'વિકસિત ભારત યુવા પાર્લામેન્ટ' માં બીજો ક્રમ મેળવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૨૩ :** મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ, ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયાના માર્ગદર્શન હેઠળ માય ભારત દ્વારા આયોજિત વિકસિત ભારત યુવા પાર્લામેન્ટ ૨૦૨૬ કાર્યક્રમ અંતર્ગત રાજ્યકક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, વઘઈની વિદ્યાર્થીની કુમારી નિકિતાને રાષ્ટ્રકક્ષાએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવાનો ગૌરવપૂર્ણ અવસર પ્રાપ્ત થયો હતો. રાષ્ટ્રીય કક્ષાનો વિકસિત ભારત યુવા પાર્લામેન્ટ ૨૦૨૬ કાર્યક્રમ તા. ૧૫ થી ૧૭ જૂન, ૨૦૨૬ દરમિયાન સંવિધાન સદન, નવી દિલ્હી ખાતે યોજાયો હતો.

આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં દેશભરના વિવિધ રાજ્યોમાંથી પસંદગી પામેલા યુવા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેમાં કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, વઘઈની વિદ્યાર્થીની કુમારી નિકિતાએ ગુજરાત રાજ્યનું સફળતાપૂર્વક પ્રતિનિધિત્વ કરીને નવસારી કૃષિ યુનિવર્સિટી તેમજ સમગ્ર ડાંગ જિલ્લાનું નામ રાષ્ટ્રીય સ્તરે ગૌરવાન્વિત કર્યું છે.

કાર્યક્રમ દરમિયાન કુમારી નિકિતાએ નારી શક્તિ વંદન અધિનિયમ મહિલા આરક્ષણ બિલ વિષય પર પોતાના વિચારો અસરકારક રીતે રજૂ કર્યા હતા. લોકશાહી મૂલ્યો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા, માહિતીસભર સંવાદની ક્ષમતા તથા રાષ્ટ્ર નિર્માણ પ્રત્યેનો સકારાત્મક અભિગમ અત્યંત પ્રશંસનીય રહ્યો હતો. તેમની આ સિદ્ધિ યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યકક્ષાની વિકસિત ભારત યુવા પાર્લામેન્ટ ૨૦૨૬ સ્પર્ધામાં કુમારી નિકિતા સમગ્ર ગુજરાત રાજ્યમાં દ્વિતીય ક્રમે રહી હતી, જેના આધારે તેમની રાષ્ટ્રકક્ષાએ પસંદગી થઈ હતી. વિદ્યાર્થીનીની આ નોંધપાત્ર સિદ્ધિ પાછળ કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, વઘઈના આચાર્યશ્રી ડૉ. અજય પી. પટેલ, એસ.આર.સી. ચેરમેન ડૉ. પુષ્પેન્દ્રસિંઘ, એન.એસ.એસ. ઓફિસર ડૉ. ધ્રુવ પી. જોષી તથા સમગ્ર સ્ટાફનું માર્ગદર્શન અને પ્રોત્સાહન મહત્વપૂર્ણ રહ્યું છે. કુમારી નિકિતાની આ સિદ્ધિ બદલ નવસારી કૃષિ યુનિવર્સિટી પરિવાર, કૃષિ મહાવિદ્યાલય વઘઈ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ગણદેવી ડી.આઈ.કે. કન્યા વિદ્યાલયમાં પ્રવેશોત્સવ યોજાયો

**ગણદેવી, તા.૨૩ :** ગણદેવી ડી.આઈ.કે. કન્યા વિદ્યાલયમાં મંગળવાર સવારે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો.

દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના શાળાના આચાર્ય મિતલબેન દેસાઈએ સૌનું શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતાં.




આ પ્રસંગે શાળામાં નવા પ્રવેશ મેળવનાર ધો.૯ અને ધો.૧૧ની કુલ ૧૬૨ વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી પ્રવેશ અપાયો હતો. વિદ્યાર્થીની કુમારી મુસ્કાન રંગરેજ દ્વારા પર્યાવરણ સુરક્ષા વિષય પર અસરકારક વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રમતગમત ક્ષેત્રે રાજ્યકક્ષા સુધી સિદ્ધિ મેળવી શાળાનું નામ રોશન કરનાર ૧૦ વિદ્યાર્થીનીઓ તેમજ માર્ચ-૨૦૨૬ની એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડ પરીક્ષામાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર અને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવી હતી. ઉપરાંત ધોરણ-૯માં જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ સિદ્ધિ મેળવનાર ૧૨ વિદ્યાર્થીનીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ રીપલબેન ચૌધરી દ્વારા વિદ્યાર્થીનીઓને શિક્ષણનું મહત્વ સમજાવતું અને જીવનમાં ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્ત કરવા પ્રેરકઉદબોધન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમોના પાલન અંગે જાગૃતિ આવે તે માટે માર્ગ સલામતી સંકલ્પ લેવામાં આવ્યો હતો. શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તેમજ મહેમાનોએ શાળા પરિસરની મુલાકાત પણ લીધી હતી. આ પ્રસંગે રીપલબેન ચૌધરી, ગણદેવી નગર પાલિકાના ચીફ ઓફિસર પ્રાચીબેન દોશી, નગરપાલિકાના પ્રમુખ અનિતાબેન ભંડારી, ઉપપ્રમુખ રાજુભાઈ પટેલ, ઉપસ્થિત રહ્યા હતાં.

## ગણદેવી તા.પં. કર્મચારી મંડળીની ૫૧મી વાર્ષિક સાધારણ સભા મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૨૩ :** ગણદેવી તાલુકા પંચાયત કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની ૫૧મી વાર્ષિક સાધારણ સભા રવિવાર સવારે તાલુકા પંચાયત સભાખંડમાં મળી હતી. જેમાં એજન્ડા ઉપરના ૭ કામોને સર્વાનુમતે બહાલી અપાઈ હતી. ગત વર્ષનાં લેખાજોખા સાથે રૂા.૧,૩૦,૯૬૯ ચોખ્ખો નફા સાથે ૩.૫ ટકા જેટલું વ્યાજ અને સભાસદોને ૧.૫ ટકા ડિવિડન્ડની જાહેરાત કરાતા સભાસદોમાં આનંદ વ્યાપી ગયો હતો.

ગણદેવી તાલુકા પંચાયતના પ્રમુખ પુષ્પાબેન પટેલ અધ્યક્ષ સ્થાને તાલુકા પંચાયત કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા રવિવાર સવારે યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬નાં લેખાજોખા સહિત એજન્ડા ઉપરનાં ૦૭ કામોને સર્વાનુમતે મંજુર કરાયા હતાં. મંડળી ૨૩૨ સભાસદો ધરાવે છે. વર્ષનાં અંતે કુલ ટર્ન ઓવર રૂા.૫.૯૩ કરોડ, શેર ભંડોળ રૂા.૭૧,૯૫,૪૩૦ અને ચોખ્ખો નફો રૂા.૧,૩૦,૯૬૯નો થયો હતો. જે પૈકી સભાસદોની બચત રકમ ઉપર વાર્ષિક ૩.૫ ટકા વ્યાજ તેમજ ૧.૫ ટકા ડિવિડન્ડની જાહેરાત કરાઈ હતી. મંડળીનાં મકાન માટે રૂા.૩ લાખની જોગવાઈ કરાઈ હતી. નિવૃત કર્મચારીઓનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. મંડળીનો વાયક સોફ્ટવેર મારફત એપ બેઈઝ ડીઝીટલ સ્વરૂપે પારદર્શક વહીવટનો નવો અધ્યાય શરૂ થયો છે. સભાસદોને મોબાઈલ એપ થકી આંગળીનાં ટેરવે માહિતી ઉપલબ્ધ બની છે. આ પ્રસંગે તાલૂકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ, ઉપપ્રમુખ મહેશભાઈ હળપતિ, કારોબારી અધ્યક્ષ પાર્થિવભાઈ નાયક તેમજ મંડળીનાં પ્રમુખ ચેતન પટેલ, ઉપપ્રમુખ ભીખુભાઈ આહીર, મંત્રી કેતન પટેલ, સહમંત્રી નયન પંચાલ અને સુનિલ પટેલ તથા કેતન પટેલ, નિલય પટેલ સહિત સભાસદો ઉપસ્થિત રહ્યા હતાં.


દમણગંગા ટાઈમ્સ મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


## વડબારી ફ.માં નવી આંગણવાડી અને ભવ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૨૩ :** વાંસદા તાલુકાના વડબારી ફળિયામાં છેલ્લા આઠ વર્ષથી શાળામાં બેસીને અભ્યાસ કરતા નાના ભુલકાઓને હવે નવી આંગણવાડીની સુવિધા ઉપલબ્ધ બની છે. ગ્રામ પંચાયત સભ્ય હસમુખલાલ શર્મા તથા ગ્રામજનો દ્વારા મુખ્યમંત્રી, જિલ્લા વિકાસ અધિકારી નવસારી, તાલુકા વિકાસ અધિકારી વાંસદા તેમજ સરપંચ સમક્ષ વારંવાર કરવામાં આવેલી રજૂઆતોને પગલે નવી આંગણવાડી મંજૂર થઈ હતી.



નવી આંગણવાડીના મકાનનું લોકાર્પણ સરપંચ ગુલાબભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગ્રામ પંચાયત સભ્ય હસમુખલાલ શર્માએ પોતાના ખર્ચે આંગણવાડી માટે ભવ્ય પ્રવેશદ્વારનું નિર્માણ કરાવ્યું હતું. જેનું લોકાર્પણ તાલુકા પંચાયત પ્રમુખ કૌશિકભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

નવી આંગણવાડી અને પ્રવેશદ્વારના લોકાર્પણથી નાના ભુલકાઓ તેમજ ગ્રામજનોમાં આનંદ અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત ઉપપ્રમુખ અજયભાઈ ગામીત, જિલ્લા પંચાયત સભ્ય ધર્મિષ્ઠાબેન કિરણભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ હેમાબેન દીપકભાઈ શર્મા, તાલુકા પંચાયત સભ્ય પંકજભાઈ પટેલ, ધર્મેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રાકેશભાઈ શર્મા, વિરલભાઈ વ્યાસ, પ્રદ્યુમનસિંહ સોલંકી, નટુભાઈ પાંચાલ, શંકરભાઈ, દીપકભાઈ, નાનુભાઈ, કુલદીપભાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૪-૦૬-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** જેઠ, દશમ **સૂર્યોદય :** ૦૫ : ૫૯ **સૂર્યાસ્ત** ૦૭ :૨૪, **ચંદ્રોદય** - ૦૨:૪૮ **ચંદ્રાસ્ત** - ૦૨:૦૭ **ચંદ્ર રાશિ :** તુલા , **નક્ષત્ર** - ચિત્રા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે સંયુક્ત રોકાણો અને કામકાજમાં ટીમવર્ક ફાયદાકારક રહેશે. સાંજ સુધીમાં કોઈ શુભ સમાચાર મળી શકે છે. કાર્યસ્થળ પર આજે તમારા કામની કદર થશે. નોકરી કરતા લોકોને -મોશનની તક મળી શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** નાણાકીય બાબતોમાં ખર્ચ પર કાબૂ રાખવો. જીવનસાથી સાથે સારો સમય વિતશે.

**મિથુન (ક, ઘ, ચ) :** આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. કાર્યક્ષેત્રમાં તમારી વાતચીત કરવાની કુશળતા અને સંચાર શૈલી પ્રભાવશાળી સાબિત થશે.

**કર્ક (ડ, હ) :** નવા પ્રોપર્ટી કે વાહન ખરીદીના યોગ બની રહ્યા છે. પારિવારિક વાતાવરણ સુખદ રહેશે.

**સિંહ (મ, ટ) :** આર્થિક બાબતોમાં ઉતાવળ ન કરવી અને ધીરજ જાળવવી. વિદ્યાર્થીઓ માટે મહેનત કરવાનો દિવસ છે.

**કન્યા (પ, ઠ, ણ) :** ધાર્મિક કાર્યો તરફ આકર્ષણ વધશે. સંપત્તિ કે કોઈ મોટી વસ્તુ પ્રાપ્ત થવાના યોગ છે.

**તુલા (ર, ત) :** આર્થિક અને પારિવારિક બાબતોમાં સુધારો આવશે. વેપારીઓ માટે નવી યોજનાઓ સફળ રહેશે.

**વૃશ્ચિક (ન, ય) :** તમારા કૌશલ્યમાં વધારો થશે. લાંબા ગાળાના આર્થિક આયોજન માટે સારો દિવસ છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** નવા વ્યાવસાયિક કરારોથી લાભ થશે. સામાજિક ગતિવિધિઓમાં વ્યસ્તતા રહેશે.

**મકર (ખ, જ) :** સંયુક્ત આર્થિક યોજનાઓમાં પ્રગતિ થશે. પરિવારના સભ્યોનો સહયોગ મળશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** સમસ્યાઓનું નિવારણ આવશે. નવા સંપર્કો અને રોકાણોથી લાભ થવાની સંભાવના છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** નાણાકીય બાબતોમાં સંતુલન જાળવવું. વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં સારો સમય રહેશે.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | 2 | 8 | | 7 | 6 | | 1 |
| | 5 | | 2 | | 3 | | 4 | |
| 8 | | | | 1 | | | | 7 |
| | 6 | | | | | | 5 | |
| | | | 6 | | 4 | | | |
| | 9 | | | | | | 1 | |
| 6 | | | | 8 | | | | 4 |
| | 7 | | 3 | | 6 | | 8 | |
| 3 | | 8 | 7 | | 5 | 9 | | 2 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૧૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 7 | 3 | 9 | 1 | 6 | 8 | 4 | 5 |
| 9 | 4 | 5 | 7 | 8 | 3 | 6 | 2 | 1 |
| 8 | 6 | 1 | 5 | 2 | 4 | 9 | 7 | 3 |
| 7 | 1 | 8 | 3 | 5 | 9 | 2 | 6 | 4 |
| 5 | 2 | 4 | 8 | 6 | 1 | 7 | 3 | 9 |
| 3 | 9 | 6 | 4 | 7 | 2 | 5 | 1 | 8 |
| 6 | 5 | 7 | 1 | 3 | 8 | 4 | 9 | 2 |
| 4 | 3 | 2 | 6 | 9 | 5 | 1 | 8 | 7 |
| 1 | 8 | 9 | 2 | 4 | 7 | 3 | 5 | 6 |

# સ્થાનિક સમાચારો

• વલસાડ • પારડી • ધરમપુર • કપરાડા •વાપી • ઉમરગામ •દમણ • સેલવાસ

Wednesday 24, June 2026

દમણગંગા ટાઈમ્સ DAMANGANGA TIMES


## વલસાડમાં 'ઓછું ખાદ્ય તેલ અને ઓછી ગેસ વપરાશ' કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** વલસાડ શહેર મહિલા મોરચા દ્વારા ઓછું ખાદ્ય તેલ અને ઓછી ગેસ વપરાશે અંતર્ગત કાર્યક્રમના આયોજન કરવામાં આવેલું હતું જેમાં આહાર વિષયના નિષ્ણાત પ્રીતિબેન પાંડે દ્વારા પૌષ્ટિક વાનગીના વિષયમાં જાણકારી આપવામાં આવી હતી, તમામ બહેનો દ્વારા ઓછું તેલ અને પૌષ્ટિક વાનગીઓ બનાવીને લાવવામાં આવેલી હતી.

તમામ બહેનો દ્વારા પોતાના વાનગીના રેસીપી સાથે તમામ પોષક તત્વોની જાણકારી પણ આપવામાં આવેલી, અમારા મિત્ર કિરણબેન ગોદવાની દ્વારા સર્વશ્રેષ્ઠ ત્રણ વાનગીઓને ઈનામ આપવામાં આવેલું અને સાથે જ તમામ બહેનો માટે ગિફ્ટની વ્યવસ્થા કરવામાં આવેલી હતી. તિથલ દરિયા કિનારે સુંદર વાતાવરણમાં કાર્યક્રમના આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમમાં વલસાડ જિલ્લા મહિલા મોરચાના ઉપપ્રમુખ નીલમબેન તોમર અને ઉપપ્રમુખ સનોબરબેન શ્રોફ ઉપસ્થિત રહ્યા હતાં. આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અનુલક્ષી મહિલા મોરચાની તમામ બહેનો દ્વારા યોગાસનના અભ્યાસ કરવામાં આવ્યું હતું. તમામ બહેનો મળીને પૌષ્ટિક વાનગીઓનુ આનંદ લીધું, મોજ મસ્તી સાથે કાર્યક્રમના સમાપન કર્યું હતું.

## ધરમપુરમાં દીકરાએ સ્વર્ગસ્થ માતાની યાદમાં ભવ્ય પ્રવેશદ્વાર બનાવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** ધરમપુર નગારીયામા પોતાની સ્વર્ગસ્થ માતાની યાદને કાયમી જીવંત રાખવા માટે પુત્ર મનિષભાઈએ એમની માતા સ્વ. રુશનબેન શંકરભાઈ પટેલના સ્મરણાર્થે એમના મામાના ગામે નાની સ્વર્ગસ્થ ઝાંઝુલીદાદીનુ નામકરણ કરી એક ભવ્ય અને આકર્ષક પ્રવેશદ્વાર મામા મોસાળમા અર્પણ કર્યો.

પ્રવેશદ્વારના ઉદ્ઘાટન પ્રસંગે નગારીયાના ભાઈઓ-બહેનો, યુવકો, વડીલો બાળકોએ મંદિરમા પૂજા કરી પ્રવેશદ્વારના પ્રણેતા મનિષભાઈનુ શાલ ઓઢાડી પુષ્પગુચ્છથી સ્વાગત કરવામા આવ્યુ હતું. મનિષભાઈના સમગ્ર પરિવારને પણ આમંત્રણ આપી એમનું પણ સ્વાગત કરવામા આવ્યુ હતું. આ શુભ પ્રસંગે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ નગરપાલિકાના સભ્યો, આસપાસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર આયોજન નગારીયા પટેલ ફળીયાના આગેવાનો બહેનોએ અને યુવાનોએ કર્યુ હતું. સંચાલન કમલેશભાઈએ કરી શાબ્દીક ઉદબોધન કર્યુ, વૈશાલીબેન અને પરેશભાઈએ કાર્યક્રમનુ સફળ સંચાલન કરી જયંતિભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

## વાપીમાં કરાટે એકેડેમી દ્વારા યોગ અને ધ્યાન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે હાર્દિક જોશીની કરાટે એકેડેમી - ઈશિનર્યુ કરાટે ખાતે વિશેષ યોગ અને ધ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને યોગ દ્વારા શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક સ્વાસ્થ્યનો સંદેશ પ્રાપ્ત કર્યો હતો.

એકેડેમીના પ્રમુખ અને મુખ્ય પરીક્ષક ક્યોશી હાર્દિક જોશી (7th Dan Black Belt) છેલ્લા ૨૫ વર્ષથી હજારો વિદ્યાર્થીઓને યોગની તાલીમ આપી રહ્યા છે. કરાટેની સાથે યોગનું સંયોજન તેમની તાલીમ પદ્ધતિની વિશેષતા છે. આ અનોખા પ્રયાસ દ્વારા વિદ્યાર્થીઓમાં શારીરિક શક્તિ સાથે માનસિક એકાગ્રતા, આત્મવિશ્વાસ, શિસ્ત અને સંયમ જેવા ગુણોનો વિકાસ થાય છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે યોજાયેલા આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ યોગ, ધ્યાન અને પ્રાણાયામનો અભ્યાસ કરી સ્વસ્થ જીવન જીવવાનો સંકલ્પ લીધો હતો.

યોગ શરીર, મન અને આત્માનો સમન્વય છે, જ્યારે કરાટે આત્મવિશ્વાસ અને આત્મરક્ષાની કળા છે. બંનેનું સંયોજન આજની યુવા પેઢી માટે સફળ અને સંતુલિત જીવનની ચાવી છે.

## છીરીની જ્ઞાનગંગા સ્કુલમાં ૧૬૫૦ વિદ્યાર્થીઓએ યોગા કાર્યક્રમમાં ભાગ લીધો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપી છીરીમાં આવેલ જ્ઞાન ગંગા ઇંગલિશ મિડિયમ સ્કૂલમાં તા.૨૧ જૂન, ૨૦૨૬ યોગા ડેના ઉપલક્ષમાં યોગા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૧ થી ૧૨ના ૧૫૦૦ જેટલા અને પ્રિ-પ્રાયમરી સેકશનના ૧૫૦ જેટલા કુલ ૧૬૫૦ જેટલા વિદ્યાર્થીઓએ યોગા કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ અવસર શાળાના ટ્રસ્ટી સંદીપભાઈ આર. પટેલે જણાવ્યું હતું કે, આજના જમાનામાં જંક ફૂડ ખાવાથી ઘણી વ્યક્તિને મેદસ્વિતામાં વધારો તેમજ હાર્ટ એટેક જેવી બીમારીમાં વધારો જોવા મળી રહ્યો છે ડોક્ટરો એન્ડ નિષ્ણાતો દ્વારા પણ રોજ યોગ કરવાની સલાહ આપવામાં આવે છે યોગ કરવાથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે અને ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર જેવી જીવનશૈલી સંબંધિત બીમારીઓ સામે રક્ષણ મળે છે.

શાળામાં પી ટી શિક્ષકો મમતા મેડમ અને આકાશ સર દ્વારા હળવા મ્યુઝિકના સથવારે વિદ્યાર્થીઓને યોગાભ્યાસ કરાવવામાં આવ્યો હતો. આજના કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શૈક્ષણિક સ્ટાફ એન્ડ બિનશૈક્ષણિક સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્ય સુનિલ નાયરે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમાનો આભાર માન્યો હતો.



વાપીમાં શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મસમાજ વાપી દ્વારા આયોજિત રક્તદાન કેમ્પમાં આજે જીઆઇડીસીના ઉપાસના લાયન્સ સ્કૂલમાં યોજાયેલા રક્તદાન કેમ્પમાં વાપીનાસમાજ સેવક કિરણ રાવલે પોતાની ૪૩ વર્ષ ની ઉંમરમાં ૧૦૯મી વખત રક્તદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમને સમાજના આગેવાન દ્વારા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## છીરીની જ્ઞાનગંગા શાળામાં ફેન્સી ડ્રેસ કૉમ્પિટિશન યોજાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપી છીરીમાં આવેલ જ્ઞાનગંગા શાળામાં નાના ભૂલકાઓ માટે શાળાની શરૂઆતમાં શાળાએ આવવાની રુચિ જાગે તેમજ ભુલકાઓને અભ્યાસની સાથે સાથે આનંદ તેમજ ભણતરની સાથે ઘડતર પ્રાપ્ત થાય તે માટે શાળાના ટ્રસ્ટી સંદીપ આર પટેલના માર્ગદર્શનમાં તેમજ શાળાના આચાર્ય સુનિલ નાયર અને સ્ટાફગણના દિશા નિર્દેશ મુજબ ફેન્સી ડ્રેસ કૉપિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આયોજિત આ પ્રોગ્રામમાં નાના ભૂલકાઓ કાર્ટૂન કેરેક્ટર જેવા કે છોટા ભીમ, ડોરેમન, મોટું પતલુ, શિવા, સ્પાઈડરમેન તેમજ વિવિધ પ્રાણીઓ એલીફન્ટ, જિરાફ, મંકી જેવા કાર્ટૂન કેરૅક્ટરની વેશભૂષા ધારણ કરી આવ્યા હતા. જેમાં નાના ભૂલકાઓ ગાંધીબાપુ, ભગત સિંહ, ઈન્દિરા ગાંધી, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નહેરુ, છત્રપતિ શિવાજી મહારાજ, રાની લક્ષ્મીબાઈ વગેરે વેશભૂષામાં જોવા મળ્યા હતા.

આ પ્રસંગે કોમ્પેટીશનમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જયારે અન્ય વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે શાળાના શૈક્ષણિક સ્ટાફ એન્ડ બિન શૈક્ષણિક સ્ટાફે પોતાનો સંપૂર્ણ સહયોગ પૂરો પાડ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા બદલ ટ્રસ્ટી સંદીપ આર પટેલ દ્વારા તમામનો આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો.

## પારડી તાલુકા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડીમાં આવેલ સાઈનાથ હોલમાં આજરોજ પારડી તાલુકા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સરકારી અધિકારીઓ કર્મચારીઓ સહિત નાગરિકો જોડાયા હતાં. અહીં વહેલી સવારના ૬ કલાકે પારડીના પ્રાંત અધિકારી નિરવભાઈ પટેલ, પારડી નગરપાલિકાના પ્રમુખ ચેતન નાયકા, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી સાથે પાલિકાના સભ્યો પોલીસ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ મામલતદાર કચેરીના અધિકારીઓ કર્મચારીઓ પારડી નગરપાલિકાના અધિકારીઓ કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ભેગા થયા હતાં અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત વિશ્વ યોગ દિવસની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં પારડી યોગ બોર્ડના બહેનોએ વિધિવત દરેક પ્રકારના યોગના આસન ઉપસ્થિત તમામ સરકારી કર્મચારીઓ અને નાગરિકોને કરાવ્યા હતાં. કરો યોગ રહો નિરોગના સૂત્ર સાથે વિષય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આમ પારડી પંથકમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે વહેલી સવારથી જ યોગ દિવસની ઉજવણી કરી હતી અને દરેક અધિકારી કર્મચારીઓએ યોગ કરી યોગ દિવસ ઉજવ્યો હતો અને જાહેર જનતાને દરરોજ યોગ કરી પોતાના જીવનને સ્વાસ્થ્યમય બનાવવા માટે અપીલ કરવામાં આવી હતી.

## વાપી આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં યોગ દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસ, આર. કે. દેસાઈ અંગ્રેજી માધ્યમ સ્કૂલ, કે. આર. દેસાઈ પી.ટી.સી. કોલેજ વાપી દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહ સભર ઉજવણી કરવામાં આવી હતી. યોગ વ્યાયામ ભારત વર્ષના ઋષિમુનિઓની એક અનુપમ શોધ છે. પ્રાચીનકાળમાં માનવીનું જીવન કુદરત સાથે ઓતપ્રત થઈને વહેતુ હતું. જાણે પ્રકૃતિના ગોદમાં રમતું બાળક જેવું ઋષિમુનિઓ પ્રકૃતિની અંદર ઈશ્વરની જે મહાન શક્તિ કામ કરી રહી છે તે જાણવા હંમેશા પ્રયત્ન કરતા આના જ ફળ સ્વરૂપે શારીરિક અને માનસિક તંદુરસ્તી નિરોગી અને દીર્ઘાયુ જીવનનો લાભ મેળવવા આસન પ્રયાણામ જેવી પ્રણાલી શોધી કાઢી અને આ ઋષિમુનિઓની શોધને ૨૧ જૂન આખું વિશ્વ યોગ દિવસ તરીકે મનાવી મનુષ્યના સ્વાસ્થ્યને નિરોગી તંદુરસ્ત રાખવા લોકજાગૃતિ અર્થે ઉજવવામાં આવે છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે જોડાયેલા યોગ કોચ શીતલ મેડમ, સંસ્થાના બધાજ વિદ્યાશાખાના પ્રાધ્યાપકો અને વિધાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લઈ વિવિધ પ્રકારના શ્લોકો દ્વારા વિશિષ્ટ પદ્ધતિ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંસ્થાના ફીઝીકલ એજ્યુકેશનના પ્રાધ્યાપક ડૉ.પ્રફુલભાઈ પટેલ અને શુભમ રાય દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધરમપુરની બી.આર. ઇન્ટરનેશનલ સ્કૂલમાં ફાધર્સ ડે ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૩ :** બી.આર. ઈન્ટરનેશનલ સ્કૂલ, ધરમપુર ખાતે ફાધર્સ ડેની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા તેમના પિતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ ધરમપુરના મામલતદાર એચ. એમ. ધોળીયાના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રાર્થના યોજાઈ હતી. ઉપરાંત પિતા-પુત્ર અને પિતા-પુત્રી વચ્ચે આત્મીયતા વધે તે હેતુથી વન-મિનિટ ગેમ્સ અને પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા પિતાઓને ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમના અંતે પિતાઓએ શાળાના સુંદર આયોજનની પ્રશંસા કરી હતી. ટ્રસ્ટી મંડળ અને સ્ટાફના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## દમણમાં પાર્કિંગના નામે કથિત ઉઘરાણી?

### સ્ટોલ ફીની રસીદથી વસૂલાતા ૩૦ રૂપિયાથી સવાલો






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૩ :** દમણ ઝડપથી એક મુખ્ય પર્યટન સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. દેશભરના પ્રવાસીઓ દરિયાકિનારા, ઐતિહાસિક વારસો અને કુદરતી સૌંદર્યનો આનંદ માણવા આવે છે. જોકે, હવે મોટી દમણના લાઈટહાઉસ વિસ્તારમાં વાહન પાર્કિંગના નામે કથિત ખંડણી અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. રવિવારે દમણની મુલાકાતે આવેલા એક પ્રવાસીએ દાવો કર્યો હતો કે લાઈટહાઉસ પાસે તેની કાર પાર્ક કરતી વખતે, એક વ્યક્તિએ અંધારામાં તેની પાસેથી ૩૦ રૂપિયા લીધા અને તેને એક સ્લિપ આપી. જ્યારે પ્રવાસીએ પાછળથી પ્રકાશમાં સ્લિપની તપાસ કરી, ત્યારે તે વાહન પાર્કિંગની રસીદ નહીં પરંતુ દમણ મ્યુનિસિપલ કાઉન્સિલ - વર્ષ ૨૦૨૧ માટે સ્ટોલ ફીની રસીદ હોવાનું બહાર આવ્યું. રસીદમાં વર્ષ ૨૦૨૧ સાથે સ્ટોલેજ ફી લખેલું હતું, પરંતુ વાહન પાર્કિંગનો કોઈ ઉલ્લેખ નહોતો.

અહેવાલો અનુસાર, મોટી દમણ લાઈટહાઉસ વિસ્તારમાં પાર્ક કરાયેલા વાહનો માટે સામાન્ય રીતે મશીન દ્વારા પાર્કિંગ રસીદો જારી કરવામાં આવે છે. સ્થાનિક લોકો જણાવે છે કે સપ્તાહના અંતે અહીં સેંકડો વાહનો પાર્ક કરવામાં આવે છે અને શનિવાર અને રવિવારે આ સંખ્યા ૫૦૦થી વધુ સુધી પહોંચી શકે છે. આ પ્રશ્ન ઉભો કરે છે જો પાર્કિંગ ફી સત્તાવાર રીતે વસૂલવામાં આવી રહી છે, તો વાહન માલિકોને યોગ્ય પાર્કિંગ રસીદો કેમ આપવામાં આવતી નથી ? ફોટામાં બતાવેલ રસીદમાં વાહન નંબર, પાર્કિંગ સ્થાન, પાર્કિંગ સમય અથવા તો અધિકૃત પાર્કિંગ એજન્સીનો ઉલ્લેખ નથી. આ શંકા ઉભી કરે છે કે પ્રવાસીઓ પાસેથી જૂની સ્ટોલ ફી રસીદોનો ઉપયોગ કરીને વસૂલવામાં આવી રહી છે. હવે ચર્ચા એ છે કે શું આ કોઈ વ્યક્તિ દ્વારા વ્યક્તિગત છેતરપિંડી છે, અથવા તે પાર્કિંગ એજન્સીના કેટલાક સભ્યો સાથે મળીને કરવામાં આવી રહી છે. વધુમાં જો સ્લિપ માન્ય માનવામાં આવે છે, તો સંબંધિત પાર્કિંગ વિગતો કેમ ગુમ છે તે તપાસનો વિષય છે. પ્રવાસીઓ અને સ્થાનિકો માને છે કે વહીવટીતંત્રે આ બાબતમાં નિષ્પક્ષ તપાસ કરવી જોઈએ. જો પાર્કિંગ ફી સત્તાવાર રીતે વસૂલવામાં આવી રહી હોય, તો પારદર્શક વ્યવસ્થા સુનિશ્ચિત કરવી જોઈએ, અને જો કોઈ અનિયમિતતા જોવા મળે તો જવાબદારો સામે કાર્યવાહી કરવી જોઈએ જેથી દમણની મુલાકાતે આવતા પ્રવાસીઓમાં રાજ્યની છબી ખરાબ ન થાય.

## કપરાડાના દોડવીરે વર્લ્ડ માસ્ટર્સ સ્પોર્ટ્સ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

### આંતરરાષ્ટ્રીય દોડવીર શંકરભાઈ ભુંસારાનું ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ સન્માન કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૨૨ :** કપરાડા તાલુકાના વિરક્ષેત્રના સુપુત્ર અને આંતરરાષ્ટ્રીય દોડવીર શંકરભાઈ ભુંસારાએ થાઈલેન્ડ ખાતે યોજાયેલી વર્લ્ડ માસ્ટર્સ સ્પોર્ટ્સ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીતી દેશનું ગૌરવ વધાર્યું છે. તેમની આ ઐતિહાસિક સિદ્ધિને બિરદાવવા માટે એક અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં આગેવાનો અને રમતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે શંકરભાઈ ભુંસારાને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, શંકરભાઈએ સમગ્ર આદિવાસી સમાજનું નામ વિશ્વ કક્ષાએ ઉજ્જવળ કર્યું છે. તેમની સિદ્ધિ પર દરેક સમાજજનને ગર્વ છે અને તેમને શુભેચ્છા પાઠવવી એ આપણી ફરજ છે.

આ પ્રસંગે નિવૃત્ત પ્રિન્સિપાલ બી. એન. જોષી, નિવૃત્ત જિલ્લા શિક્ષણ અધિકારી મણિલાલ ભુંસાર, નિવૃત્ત ફોજી ખુશાલભાઈ વાઢું સહિત અનેક અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં અને સૌએ શંકરભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

શંકરભાઈ ભુંસારાની સફળતાની સફર સંઘર્ષ, મહેનત અને અડગ સંકલ્પનું ઉત્તમ ઉદાહરણ છે. જીવનમાં અનેક પડકારોનો સામનો કરીને તેમણે વિશ્વ મંચ પર ભારતનો તિરંગો ગૌરવપૂર્વક લહેરાવ્યો છે. તેમની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ યુવાનો અને રમતવીરો માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, ક્રસફળતા ક્યારેય સંજોગોથી નથી મળતી, તે સંકલ્પ અને સમર્પણથી પ્રાપ્ત થાય છે. શંકરભાઈ ભુંસારાની આ ઉપલબ્ધિ સમગ્ર વિસ્તાર માટે ગૌરવ અને પ્રેરણાનો વિષય બની છે.

## ઉદવાડામાં શહીદ દિને સેવા દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડી તાલુકાના ઉદવાડામાં શહીદ દિન નિમિત્તે સેવા દિન ઉજવાયો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉદવાડા ખાતે રહેતા બત્રા અને ગુલાટી પરિવાર દ્વારા શીખ ધર્મના ગુરુ શહીદ અર્જુન દેવજીની સ્મૃતિમાં સેવા દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

શીખ ધર્મના પાંચમા ગુરૂની શહીદની યાદમાં આ બને પરિવાર તરફથી સેવાની એક પ્રશંશીય કામગીરી કરવામાં આવી છે જેને માં સૌ આમજનતા તરપથી ખૂબ જ પ્રશંસા કરવામાં આવે છે.

સવારે દસ વાગ્યે પૂજાપાઠ શરૂ કરી ત્યારબાદ અગિયાર જેનો અસંખ્ય લોકોએ લાભસાથે બંને પરિવારને અભિનંદન આપી આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉમદા કાં લઈ ધન્યતા અનુભવી હતી વાગ્યા થઈ બે વાગ્યા સુધી મીઠા સરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું જેનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## સરીગામની લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળામાં ફેલિસીટેશન પ્રોગ્રામ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૩ :** સરીગામ ખાતે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મી ઈન્ટરનેશનલ સ્કૂલમાં તા.૨૦ જૂન, ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવવા માટે ભવ્ય *"Felicitation Programme"નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય પ્રવીણ પવારના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમ ગૌરવ, પ્રેરણા અને ઉજવણીનો અનોખો સમન્વય બન્યો હતો. કાર્યક્રમ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓ, વર્ષ દરમિયાન વિવિધ હાઉસ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ, ૧૦૦ ટકા હાજરી નોંધાવનાર વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વર્ગોને સન્માનિત કરવામાં આવ્યા હતાં. વિશેષરૂપે, સમગ્ર વર્ષ દરમિયાન ૧૦૦ ટકા હાજરી જાળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેના કારણે અન્ય વિદ્યાર્થીઓમાં પણ નિયમિતતા, શિસ્ત અને સમર્પણની પ્રેરણા જાગી હતી. આ કાર્યક્રમમાં ગજેરા ટ્રસ્ટના પ્રેસિડન્ટ વસંતભાઈ ગજેરા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ કેમ્પસના વિવિધ વિભાગોના આચાર્યશ્રીઓએ પણ પોતાની ઉપસ્થિતિથી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા મનમોહક પ્રાર્થના-ગીતો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને આકર્ષક નૃત્યોએ સૌનું મન મોહી લીધું હતું.


પોતાના સંબોધનમાં વસંતભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓને જીવનમાં સતત શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે પ્રેરિત કર્યા હતા, જ્યારે આચાર્ય પ્રવીણ પવારએ વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોની નિષ્ઠા અને વાલીઓના સહકારને આ સફળતાનો આધારસ્તંભ ગણાવ્યો હતો. કાર્યક્રમના અંતે તમામ વિજેતા વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### આડેધડ બાંધકામોએ ચોમાસાના પાણીના કુદરતી વહેણો ખતમ કરી નાંખેલા હોઈ

# વાપીમાં પાણીના ભરાવા અંગે ગેરંટી નહી...!

**યોગ્ય આયોજનના અભાવે ચોમાસામાં આખા ગુજરાતના શહેરો અને ગામડાઓ જળબંબાકાર બની રહે છે : ફુટપાથ પર ચાલવાનો નાગરિકોનો મુળભૂત અધિકાર, સર્વોચ્ચ અદાલત ઉવાચે : છેલ્લાં પાંચ વર્ષમાં ફુટપાથના અભાવે ૧ લાખ ૮૦ હજાર રાહદારીઓનું રામનામ સત્ય : નળસરોવરમાં વન વિભાગે ફલડલાઈટસના થાંભલાઓ ઊભા કરતાં પંખીઓની ઊંઘ હરામ થઈ જશે : પંખીઓ નળ સરોવરને બાય બાય કરી દેવાની પણ ભીતિ : વાપીમાં ચોમાસામાં બંને રેલ્વે અન્ડરબ્રિજો પાણીમાં ડુબકી મારવનાના જ છ**

## દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

સામાન્યતઃ જુન માસની ૧૪મી એ ચોમાસાનું આગમન થવું જોઈએ પરંતુ ચાલુ સાલ અલનેનોની અસરના કારણે વરસાદનું પ્રમાણ ઓછુ રહેવાની ભીતિ સેવાઈ રહી છે.

નબળાં ચોમાસાને કારણે પાણીની મોકાણ ન સર્જાય એ માટે ગુજરાત સરકારે સાવચેતીના પગલાં તરીકે વોટર મેનેજમેન્ટનું આયોજન કરવા માંડયું છે. આ બાબત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ખાસ ધ્યાન આપી રહ્યા છે. પેયજળ અને સિંચાઈના પાણીની મુશ્કેલી ન સર્જાય તે માટેની નક્કર યોજના સાકાર લઈ રહી હોવાનું જાણવા મળે છે. રાજયના ૩૩ જીલ્લા કલેકટરો અને રેવન્યુ અધિકારીઓને પાણીની મુશ્કેલી ન સર્જાય તે જોવાની જવાબદારી સોંપાઈ છે. જરુર જણાય તો રિસર્વોયર્સ અને સરોવરો નર્મદાના પાણીથી છલોછલ કરવાની સુચના પણ અપાઈ છે.

વાપીને લાગે વળગે છે ત્યા સુધી, દમણગંગા જળાશય યોજનાના મધુબન ડેમમાં પાણી પર્યાપ્ત હોવાથી કોઈ સમસ્યા સર્જાય એમ નથી. વાપી નજીક જીઆઈડીસીનો વિયર છે. તેમાં બારે માસ ભરપુર પાણી સંગ્રહાયેલુ રહે છે. કેમ કે આ વિયરની પાણીની ભુખ દમણગંગા જળાશય યોજના સંતોષે છે. આમ છતાં આ વિયરમાં વર્ષોથી ડ્રેજીંગ થયેલ ન હોવાથી તેણે પાણીની અપેક્ષિત સંગ્રહશકિત ગુમાવી દીધેલી હોવાનું જાણકારોનું કહેવું છે.

હવે રહી વાપીની વરસાદી પાણીની સમસ્યાની વાત. વાપી મહાનગરપાલિકા છાતી ઠોકીને કહે છે કે પાલિકાએ પ્રિમોન્સુન કાગીરી સુપેરે પાર પાડેલ હોવાથી નગરમાં પાણીનો ભરવો નહીં થાય. વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટરી મેયર મિતેશભાઈ દેસાઈ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ પણ એવો મત દર્શાવ્યો છે કે વાપીમાં આ ચોમાસામાં વરસાદી પાણીનો ભરાવો નહી થાય. આ બધા પદાધિકારીઓની વાત મોઢામાં લાપસી જેવી જરુર લાગે, પરંતુ જયારે મુશળધાર વરસાદ વરસતો હોય છે ત્યારે વાપી નગરમા પાણી ભરાતુ હોય છે આ માટેના કારણમાં એમ પણ કહી શકાય કે વાપીમાં છેલ્લા કેટલાંક વર્ષોથી આડેધડ બાંધકામોએ વરસાદી પાણીના કુદરતી વહેણની ધોર ખોદી નાંખેલી છે. કુદરતી પાણીના વહેણની જગ્યાને નાળલેન્ડ પણ કહેવામાં આવે છે. વાપીમાં આજે તો નાળલેન્ડ જેવું કંઈ રહ્યું જ નથી. જયારે વરસાદી પાણીના કુદરતી વહેણ ઉપર છીનાળું થતુ હોય છે ત્યારે પાણી પોતાની જગ્યા શોધી લે છે અને તે ઘરો અને દુકાનોમાં ઘુસી જાય છે.

વાપીની બિલખાડી ઉપર બિલ્ડરો, ઉદ્યોગપતિઓ અને અતિક્રમણકારીઓ બે દાયકા સુધી સામુહિક બળાત્કાર કર્યે રાખેલો. પરિણામે ખાડી છીછરી બની ગયેલી. વરસાદી પાણીની વહેવાની શકિત પણ બિલખાડીએ ગુમાવી દીધેલી. વીસ વર્ષ દરમિયાન કેટલાંય જીલ્લા કલેકટરો આવ્યા અને ગયા પણ કોઈએ બિલખાડીના બળાત્કારીઓને ઠેકાણે પાડવાની હિંમત નહોતી કરી. છેવટે, હાલના નાણાપ્રધાન અને પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ મામલો હાથમાં લીધેલો અને જીલ્લા સંકલન સમિતિની બેઠકમાં તેમણે જીલ્લા કલેકટરનો કાન જોરનો આમળેલો. પરિણામે, બિલખાડીને ઊંડી અને પહોળી બનાવવાની તંત્રને ફરજ પડેલી. ધારાસભ્ય કનુભાઈ દેસાઈ બિલખાડીનો ઉધ્ધાર કરતાં છેલ્લાં કેટલાંક વર્ષોથી નગર અને જીઆઈડીસીના કાર્યક્ષેત્રમાં જે નુકશાન પહોંચાડતી હતી તે બંધ થયુ છે અને હવે સૌ નિરાંત અનુભવી રહ્યા છે અને નાણામંત્રીનો આભાર વ્યકત કરી રહ્યા છે.વાપીમાં અત્યાર સુધીમાં ભુગર્ભ ગટર યોજનાઓ પાછળ સારો એવો ખર્ચ થયેલો છે એટલે ખરેખર તો વરસાદી પાણીનો ઝડતી નિકાલ થઈ જવો જોઈએ પણ તેમ જતુ નથી એટલે દોષ ગટરવ્યવસ્થાની ખામીને જ આપી શકાય.

આમ તો આખા ગુજરાતના શહેરો અને ગામડાઓ ભારે વરસાદ હોય ત્યારે જળબંબાકાર થઈ જતા હોય છે. આયોજિત વિકાસ પ્રત્યે તંત્રની લાપરવાહીનું આ પરિણામ છે. વિકસિત ભારતની રૂપાળી કલ્પનાના ઘોડા આપણે દોડાવ્યે રાખીએ છીએ પરંતુ પ્રજાને બધા જ ક્ષેત્રે હાલાકીનો અનુભવો થયા કરતો હોય છે.

## નળ સરોવરમાં ફલડલાઈટ : બકરુ કાઢતાં ઊંટ પેસી જવાનું !

હાલમાં જ એવો અહેવાલ આવ્યો છે કે, ગુજરાતના વન વિભાગે નળ સરોવર પક્ષી અભ્યારણ્યમાં પંખીઓને ચિરકારીઓથી બચાવવા ભારે પ્રકાશ ફેલાવતી સોલર ફલડ લાઈટના થાંભલાઓ ઊભા કરવાનો નિર્ણય કર્યો છે. વન વિભાગે ત્રણ ફલડ લાઈટ તો ઊભી પણ કરી દીધી છે. અને બીજી દસ ફલડ લાઈટસ ઉભી કરનાર છે આ ફલડ લાઈટસના દરેક થાંભલા પર ૨૦૦ વોટની એલ.ઈ.ડી. લાઈટ મુકવામાં આવનાર છે.

પંખીવિદોનું કહેવું છે કે આમા બકરું કાઢતાં ઊંટ પેસી જાય જેવું થવાનું છે. નળ સરોવરની આ ફલડ લાઈટ રાતે પંખીઓની ઊંઘ હરામ કરી દેશે અને વિદેશથી આવતા પંખીઓ કાયમ માટે ચાલી જશે.

પર્યાવરણના નિષ્ણાંતો પણ એવો ભય દર્શાવે છે કે, નળસરોવરમાં ફલડલાઈટસ મુકયા પછી પંખીઓની પ્રવૃત્તિમાં પરિવર્તન આવ્યાનું જણાયુ છે. શિયાળાની મોસમમાં નળ સરોવરમાં નિવાસ કરતા પંખીઓ પર આ ફલડ લાઈટની વિપરિત અસર પડવાની છે. વન વિભાગ, પંખીઓના હિત માટે આવા શેખચીલ્લી જેવા ઈલાજો બંધ કરે એવી પંખી વિદોની લાગણી છે.

અને છેલ્લે વાપી મહાનગરપાલિકા પ્રિમોન્સુન કામગીરી અંગે ગમે એવો દાવો કરે તોય વાપી નો જે ટાઈપ પાસેનો રેલ્વે અન્ડરબ્રિજ અને બલીઠાનો નવો રેલ્વે અન્ડરબ્રીજ ચોમાસાના પાણીમાં ડુબવાનો જ છે !

જે ટાઈપના રેલ્વે અન્ડરબ્રીજની તો ચોમાસાના પાણીમાં ડુબકી મારવાની વર્ષો જુની ખાનદાની આદત છે. બલીઠાનો નવો અન્ડરપાસ ડુબકી મારવાની મજા આ ચોમાસામાં માણે એવી પુરી સંભાવના છે !

## ફુટપાથ પર ચાલવાનો નાગરિકોને મુળભુત અધિકાર : સર્વોચ્ચ અદાલત

ભારતની સર્વોચ્ચ અદાલતે હાલમાં જ એવો ચુકાદો આપ્યો છે કે ફુટપાથ પર ચાલવાની રાહદારીઓને પાથમિકતાના ધોરણે સગવડતા પુરી પાડવી જોઈએ કોર્ટે એમ જણાવ્યું કે સરકાર અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનું આ ઉત્તરદાયિત્વ બની રહે છે. કેન્દ્ર અને રાજય સરકારોએ આ માટે કાયદો બનાવવો જોઈએ.

વાપીમાં ફુટપાથ બનાવવાનો આદેશ વર્ષ ૨૦૦૫માં તે સમયના વલસાડ જિલ્લાના કલેકટર દિલીપ રાવળે આપ્યો હતો. ફુટપાથ (ટાઉન અને આઝાદનગર વિસ્તારમાં) બનાવી પણ હતી પરંતુ તેની ઉપર નગરપાલિકાએ ધ્યાન ન આપતાં ખાસ કરીને ઝંડાચોક અને આઝાદનગરમાં ફુટપાથોનું અસ્તિત્વ મટી ગયું છે. દોઢ અબજ રૂપિયાના ખર્ચે છેલ્લા ચાર વર્ષથી સફેદ હાથી જેવા પુલે તો ફુટપાથની ભારે દુર્દશા કરી નાંખેલી છે.

વાપી મેઈન બજારમાં જે ફુટપાથ છે તેની ઉપર મોટા ભાગે અતિક્રમણો થયેલા છે. એટલે રાહદારીઓને માટે આ ફુટપાથ નકામા જ બની રહેલા છે. હવે સર્વોચ્ચ અદાલતે રાહદારીઓ માટે ફુટપાથને મુળભુત અધિકાર જાહેર કરેલ છે. ત્યારે વાપી મહાનગરપાલિકાએ પોતાના કાર્યક્ષેત્રમાં ફુટપાથો બનાવવાનું વિના વિલંબ શરુ કરવું જોઈએ.

**દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧ લાખ ૮૦ હજાર રાહદારીઓને વાહનોએ કચડયા!!**

રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીના હેવાલ પ્રમાણે, રાહદારીઓને વાહનો દ્વારા કચડી નાંખવાની સમસ્યા શહેરોની જ નહીં, નેશનલ હાઈવે ઉપર પણ રાહદારીઓના કુલ મોતના ૩૦ ટકા મોત નિપજયા છે.

વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન દર વર્ષે ૩૦,૫૦૦ જેટલા રાહદારીઓના રામ રમી ગયા છે.

માર્ગ સલામતીના નિષ્ણાંતોનો એવો મત છે કે રાહદારીઓ માટે અલગ અને સલામત ફુટપાથો ન હોવાના કારણે રાહદારીઓ મોટી સંખ્યામાં મોતને ભેટે છે. જે સમગ્ર વિશ્વમાં વધુમાં વધુ છે. આ નિષ્ણાંતો એમ પણ કહે છે કે સર્વોચ્ચ અદાલતે હાલ આપેલા મૂળભૂત અધિકારો પૈકીનો એક છે એમ જણાવ્યું છે. એટલે માર્ગના આયોજનકોએ હવે સર્વોચ્ચ અદાલતના ચુકાદા પ્રમાણે માર્ગોનું માળખું ઘડવું પડશે.

વર્ષ ૨૦૨૪ના હેવાલ પ્રમાણે, તામિલનાડુમાં વધુમાં વધુ રાહદારીઓનું રામ નામ સત્ય થઈ ગયુ છે. આ સંખ્યા ૪,૭૧૨ જેટલી છે. એ પછી બિહાર આવે આ રાજયમાં ૪,૧૪૯ રાહદારીઓ પ્રભુને પ્યારા થઈ ગયા હતાં. મહારાષ્ટ્રમાં ૩,૩૪૪ રાહદારીઓ સ્મશાન ભેગા થઈ ગયા હતાં. પશ્ચિમ બંગાળમાં રાહદદારીઓના મોત તાંડવ ૩,૨૪૧ પર છે.

અભ્યાસુઓ કહે છે કે તંત્ર શહેરોના માર્ગો ફકત વાહનોને લક્ષમાં રાખીને બનાવે છે. બાળકો, વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો સહિતના રાહદારીઓની સુવિધા અંગે તો કોઈ વિચારતું જ નથી. બધાએ પરાણે માર્ગ પર દોડતાં વાહનો વચ્ચે ચાલવુ પડે છે અને જીવ ગુમાવે છે.

ગયા એપ્રિલ માસમાં સર્વોચ્ચ અદાલતે એવો મત પણ વ્યકત કર્યો હતો કે ભારતમાં લેન ડ્રાઈવિંગ જેવું કંઈ છે જ નહીં અને માર્ગ અકસ્માતોનું આ એક મોટુ કારણ છે. ભારતમાં દરરોજ ૫૪૬ લોકો માર્ગ અકસ્માતમાં મરે છે. નેશનલ ક્રાઈમ રેકર્ડસ બ્યુરોનો વર્ષ ૨૦૨૪ નો હેવાલ એવું કહે છે કે આ વર્ષમાં માર્ગ અકસ્માતમાં ૧ લાખ ૯૯ હજાર લોકો સ્મશાન ભેગાં થઈ ગયેલા છે.

**હમ ભી કુછ કમ નહીં !**

જાણવા મુજબ વલસાડ જીલ્લામાં છેલ્લા બે માસમાં ૮૬ માર્ગ અકસ્માતમાં ૫૬ જણા ઉપર પહોંચી ગયા હતાં. જીલ્લા સંકલન સમિતિની બેઠકમાં માર્ગ ઉપરના બ્લેક સ્પોટસનો ઈલાજ કરવાના વાતોના વડા થયા કરે છે પરંતુ કોઈ નક્કર કામગીરી ગતી નથી. આવુ તો આખા દેશમાં ડીમ ડીમ ચાલી રહ્યું છે. પણ અવાજ ઉઠાવનાર જ કયાં છે ?

---

**૭૪ વર્ષની ગૌરવશાળા શિક્ષણયાત્રામાં કરંજવેરી પ્રા. શાળા ખાનગી શાળાઓને ટક્કર આપે છે**

# આધુનિક શિક્ષણનું મોડેલ : કરંજવેરી પ્રા. શાળા




**વર્ષ ૧૯૫૨ થી અત્યાર સુધીમાં કુલ ૩૭૨૬ વિદ્યાર્થીઓએ મેળવ્યું શિક્ષણનું ભાથુ, અનેક વિદ્યાર્થી ધારાસભ્ય, ડોકટર, એન્જિનિયર અને મામલતદાર સુધીના મોભાદાર હોદ્દા પર બિરાજ્યા : રાત્રિ શાળાથી શરૂ થયેલી સફર આજે સ્માર્ટ બોર્ડ, કમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, આર.ઓ.પાણી અને આધુનિક સુવિધાઓથી સજ્જ હાઈટેક શાળા સુધી પહોંચી**









(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૩ :** ''વિદ્યા ધનં સર્વધન પ્રધાનમ્, અર્થાત વિદ્યા એ તમામ ધન કરતાં શ્રેષ્ઠ ધન છે''. જેને કોઈ ચોરી શકતુ નથી. શિક્ષણ એ અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતો માર્ગ છે. જેને સાર્થક કરવા ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દૂરંદેશી અભિગમ અપનાવી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત કરાવી હતી. આ સાથે જ સરકારી સ્કૂલોમાં પણ ખાનગી સ્કૂલ જેવી બાળકોને સુવિધા મળે તો બાળક સરકારી સ્કૂલમાં આવતા થાય અને વાલીઓને ખાનગી સ્કૂલોના ફીના ભારણમાંથી પણ મુક્તિ મળે. આ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ વાળી સરકારે ગામે ગામ ખાનગી સ્કૂલોને ટક્કર મારે તેવી હાઈટેક શાળાનું નિર્માણ કર્યુ છે. આવી જ શાળાઓ પૈકી આજે વલસાડ જિલ્લાના ધરમપુરના તાલુકાની એક એવી શાળાની વાત કરવી છે કે, જેની સ્થાપના ૭૪ વર્ષ પહેલા રાત્રિ શાળાથી થઈ હતી અને આજે વિશાળ વટવૃક્ષ બની પંથકના લોકોને શિક્ષણ પિરસી રહી છે. આ સ્કૂલ છે કરંજવેરી ગામની પ્રાથમિક શાળા. જ્યાં તમે આવો તો તમને પ્રવેશદ્વાર પાસે જ મનમોહક ગાર્ડન, અદ્યતન બિલ્ડિંગ અને બાળકો માટે શુધ્ધ આર.ઓ. પાણી સહિતની સુવિધા આકર્ષે છે. દેશને આઝાદી મળ્યા બાદ ગામે ગામ શિક્ષણની જ્યોત ઝળહળે તે માટે આઝાદી મળ્યાના પાંચ વર્ષ બાદ ધરમપુરના કરંજવેરી ગામમાં તા. ૨૦/૦૯/૧૯૫૨ના રોજ રાત્રિના શાળાની શરૂઆત થઈ હતી. ત્યારે પ્રથમ આચાર્ય છગનભાઈ પાનાચંદ પટેલ હતા. ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૮ આચાર્યએ આદિવાસી વિસ્તારમાં શિક્ષણની જ્યોત ઝળહળતી રાખવાનું ભગીરથ કાર્ય પાર પાડ્યુ છે. હાલના આચાર્યશ્રી અજયસિંહ ઠાકોર જણાવે છે કે, બે ઓરડામાં શરૂ થયેલી આ શાળામાં દાતાઓ અને સરકારની મદદથી એક એક વર્ગ વધારતા ગયા હતા. રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ. ૫૦ લાખના ખર્ચે ગ્રાઉન્ડ પ્લસ બે માળનું આધુનિક સુવિધા સાથે ૧૧ વર્ગખંડનું નવુ મકાન બનાવી આપવામાં આવ્યુ છે. જેમાં બાલવાટીકાથી ધો. ૮ સુધીમાં ૨૬૦ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે. જેઓની સુવિધાની વાત કરીએ તો, દરેક માળ પર આર.ઓ. વાળુ ફિલ્ટર પીવાનું શુધ્ધ પાણીની સુવિધા છે. આ સિવાય કમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ અને દરેક કલાસમાં સ્માર્ટ બોર્ડની સુવિધા છે. લોક સહયોગથી પ્રાર્થના માટે શેડ બનાવ્યો છે. રંગબેરંગી ફૂલોથી સુશોભિત મનમોહક ગાર્ડન છે.

આ શાળામાંથી વર્ષ ૧૯૫૨થી અત્યાર સુધીમાં કુલ ૩૭૨૬ બાળકો ભણીને ગયા છે. જેમાંથી આજે અનેક વિદ્યાર્થી ડોકટરો, એન્જિનિયર, ધારાસભ્ય અને મામલતદાર સુધીના મોભાદાર હોદ્દા પર બિરાજ્યા છે. પહેલા આજુબાજુના ગામોમાં શાળા ન હતી એટલે શેરીમાળ, આંબા, ખટાણા અને કાંગવી સુધીના વિસ્તારમાંથી લોકો પાંચ કિમી દુર અહીં સુધી આવતા હતા. હવે નજીકના વિસ્તારોમાં સરકારી અને ખાનગી શાળા હોવાથી બાળકો પોતાના નજીકની શાળામાં શિક્ષણ મેળવે છે. પરંતુ અમારી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા કેવી રીતે વધે તે માટે વિચાર કર્યો અને ક્લાસ પ્રમાણે વાલીઓનું વોટ્સએપ ગૃપ બનાવ્યું, જેમાં બાળકોની એક્ટિવીટીના ફોટો વીડિયો શેર કરવામાં આવે છે. આ સિવાય સ્કૂલ એજ્યુકેશન સોફ્ટવેર ડેવલપ કરવામાં આવ્યુ જેના દ્વારા બાળક ગેરહાજર રહે અથવા તો જન્મ દિવસ હોય તો વાલીને તુરંત જાણ કરતો મેસેજ જાય છે. જેથી વાલીઓને એવી અનુભૂતિ થઈ કે, શાળામાં અમારા બાળક પર અંગત રીતે ધ્યાન રાખવામાં આવે છે. માસિક-ત્રિમાસિક પરીક્ષાના માર્ક પણ વાલીઓને મોબાઈલ પર તુંરત મળી જાય છે. મોટે ભાગના વાલીઓ મજૂરી કામે બહાર જતા હોવાથી તેઓને આ મેસેજ સિસ્ટમ દ્વારા જાણ થઈ જાય છે કે, તેમની ગેરહાજરીમાં બાળક સ્કૂલે ગયુ છે કે નહી. આ પ્રથાને કારણે પહેલા રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં માંડ ૧૪-૧૫ લોકો આવતા ત્યાં હવે ૧૫૦૦ થી ૨૦૦૦ લોકો આવતા હોવાથી પટાંગણ ભરાઈ જાય છે.

શાળા દ્વારા પ્રવૃતિ જોઈ દાતાઓ પણ દાન કરવા તૈયાર થઈ જાય છે. અત્યાર સુધીમાં સરસ્વતી માતાની રૂ. ૫૦,૦૦૦ની મૂર્તિ, ૪૦ બેન્ચ, પાંચ સ્માર્ટ બોર્ડ, જમવાની ડીશ સહિતના સાધનો દાનમાં વિદ્યાર્થીઓ માટે મળ્યા છે. મધ્યાહન ભોજનમાં બાળકને રોજ ૨૦૦ એમએલ ફલેવર્ડ વાળુ દૂધ અને સપ્તાહ પ્રમાણે અલગ અલગ ભોજન પિરસવામાં આવે છે. જેનાથી બાળકો સ્વસ્થ અને તંદુરસ્ત જીવન જીવી શકે છે.

## બાળકો અને વાલીઓનો વિશ્વાસ સંપાદન કરવામાં કલરવ ઈ-મેગેઝીન સેતુ બન્યું

શરૂઆતમાં લોકોનો સહયોગ ઓછો મળતા શાળાની વિવિધ પ્રવૃત્તિની જાણ લોકોને કેવી રીતે થાય તે માટે આચાર્ય અજયસિંહ ઠાકોર દ્વારા નવી પહેલ કરવામાં આવી હતી. જે આજે અનેક શાળા અને કોલેજો માટે પણ પ્રેરણાદાયી બની છે. જે અંગે ઠાકોર કહે છે કે, શાળામાં થતી પ્રવૃતિ લોકો સુધી પહોંચે તે માટે ''કલરવ'' નામથી ઈ-મેગેઝીનની શરૂઆત કરી હતી. જે દર મહિનાની પહેલી તારીખે રીલીઝ થાય છે. અત્યાર સુધીમાં ૮૯ અંક પૂરા કર્યા છે. આ ઈ-મેગેઝિનથી ફાયદો એ થયો કે, બાળકો પોતાના ફોટા જોઈને તો હરખાઈ પરંતુ વાલીઓ પણ પોતાના બાળકના ફોટા અને પ્રવૃતિ જોઈ ખૂબ ખુશ થાય છે. આ ઈ-મેગેઝિનમાં એક મહિના દરમિયાન શાળામાં થયેલી પ્રવૃતિ, સાયન્સ ક્વિઝ, કરંટ અફેર્સ અને બોધપાઠ આપતી વાર્તા સહિત અનેક મનોરંજન સામગ્રીનો સમાવેશ કરાયો છે. જેનાથી બાળકો અને વાલીઓનો પણ શાળા પ્રત્યે લગાવ વધ્યો અને અમને વિશ્વાસ સંપાદન કરવામાં સફળતા મળી છે. આ ઈ-મેગેઝિન ટીજીટલ હોવાથી પ્રિન્ટિંગનો કોઈ ખર્ચ પણ લાગતો નથી.

## હરતા ફરતા પુસ્તકોની લાઈબ્રેરીથી જ્ઞાનશક્તિમાં થયો વધારો

બાળકોમાં વાંચનની પ્રવૃતિ કેળવાય રહે તે માટે પુસ્તકોની હેર ફેર કરવામાં આવે છે. એટલે કે, એક કલાસમાં ૬૦ બાળકો છે તો તમામ ૬૦ બાળકને અલગ અલગ પુસ્તક આપવામાં આવે છે. જે બાળકનું પુસ્તક વંચાઈ જાય તેણે તે પુસ્તક અંગે રિવ્યુ આપી તે પુસ્તક બીજાને વાંચવા માટે આપવાનું હોય છે. આમ કરવાથી તમામ ૬૦ બાળકોને અલગ અલગ પુસ્તક વાંચવા મળે છે અને તેઓની જ્ઞાનશક્તિમાં વધારો થાય છે.

## ગુજરાતીની સાથે હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત પણ શીખવવામાં આવે છે

કરંજવેરી સરકારી શાળામાં બાળકોની દૈનિક પ્રવૃતિ પર નજર કરીએ તો, સવારે ૭:૩૦ કલાકે પ્રાર્થના, યોગ ક્રિયા, ગુરૂવાણી અને ઘડિયા ગાન કરાવવામાં આવે છે. સરકારી શાળાનો બાળક બહાર કોમ્પીટીશન કરી શકે તે માટે તેઓને અલગ અલગ ભાષા શીખવવામાં આવે છે. જેમ કે, બે દિવસ ગુજરાતી, બે દિવસ હિન્દી, એક દિવસ અંગ્રેજી અને એક દિવસ સંસ્કૃત ભાષામાં બાળકોએ પ્રેઝન્ટેશન કરવાનું હોય છે. આ ભાષાઓમાં અંગ્રેજી ભાષા પર વધુ ફોક્સ કરાઈ છે. રોજના ૧૦ થી ૧૫ ઈંગ્લિશ શબ્દો શીખવવામાં આવે છે, જેથી અંગ્રેજી શબ્દ ભંડોળ વધે અને બાળકોનો આત્મ વિશ્વાસ કેળવાય રહે છે. રાષ્ટ્રીય તહેવારોએ બાળકો અંગ્રેજીમાં સોંગ ગાઈ છે. દરેક બાળકને રોટેશન પ્રમાણે સ્ટેજ આપવામાં આવે છે જેથી પબ્લિક વચ્ચે બોલવાનો ડર દૂર થાય છે. જે લાંબે ગાળે ઉજ્જવળ કારર્કિદીમાં મદદરૂપ થાય છે.

● પારડી
● ઉદવાડા
● વાઘછીપા
● પરીયા

# પારડી તાલુકા વિશેષ

Vapi Page - 05

Wednesday 24, June 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: 9879374605

## પારડી એન.કે. દેસાઈ કોલેજનું ગૌરવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડી એન. કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના M.Sc. સેમેસ્ટર ૨ ના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પરિણામ આવ્યું છે.વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા માસ્ટર ઑફ સાયન્સ M.Sc. સેમેસ્ટર ૨ ના પરિણામમાં એન. કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડીના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે આ પરિણામમાં કોલેજના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક ક્ષેત્રે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. જેમાં કોલેજના ટોપ રેન્કર્સ નીચે મુજબ રહ્યા છે. પ્રથમ ક્રમ પટેલ ગ્રીમા ધીરજભાઈ ૮.૫૦ CGPA અને પટેલ હીરલબેન રણજીતભાઈ ૮.૫૦ CGPA દ્વિતીય ક્રમ પટેલ કૃપાલીબેન હરેશભાઈ ૮.૩૩ CGPA ,તૃતીય ક્રમ પટેલ દિક્ષિતા મહેશભાઈ ૮.૨૫ CGPA વિદ્યાર્થીઓની આ શાનદાર શૈક્ષણિક સિદ્ધિ બદલ પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ તેમજ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. દિપેશ શાહે તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ અને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.



પારડી શહેર અને તાલુકામાં વહેલી સવાર થી જ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી હતી. જુદા જુદા વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જેને લઈ લાંબા સમયના ઉકળાટ અને અસહ્ય ગરમી બાદ આજે સવારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વરસાદી પ્રવાહ શરૂ થયો હતો. વરસાદના આગમનને પગલે સમગ્ર પંથકમાં વાતાવર ઠંડક ભર્યું બની ગયું છે, જેથી સ્થાનિક લોકોને ગરમીથી મોટી રાહત મળી છે. વરસાદ શરૂ થતાં શાળાએ જતા વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ અને કામાર્થે જતા લોકો છત્રી અને રેઈનકોટ લઈને જોવા મળ્યા હતા. અચાનક આવેલા વરસાદને કારણે સવારના સમયે રસ્તાઓ પર રોનક બદલાઈ ગઈ હતી. હાઈવે સહિતના માર્ગો પર પાણી-પાણી ફરી વળ્યા હતા. તો બપોર બાદ ઝરમર વરસાદ પડ્યો હતો.

## ઉમરસાડી માંગેલવાડ ગામની તિથિ ટંડેલ વિશ્વ ફલક ઉપર ચમકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડી તાલુકાના ઉમરસાડી માંગેલવાડ ગામની દીકરી અને હાલ વાપી નિવાસી તિથિ દિનેશભાઈ ટંડેલ આંતરરાષ્ટ્રીય કોમ્પિટિશનમાં પ્રથમ સ્થાન મેળવી આપણા દેશનું નામ રોશન કર્યું છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેવલ પર રંગોત્સવ સેલિબ્રેશન ૨૦૨૫-૨૬ દ્વારા આર્ટ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. જેમાં પહેલા રાઉન્ડ રાષ્ટ્રીય લેવલ ઉપર યોજાયેલ અને ત્યારબાદ અત્યારે આંતરરાષ્ટ્રીય લેવલ ઉપર યોજવામાં આવ્યો હતો. રંગોત્સવ સેલિબ્રેશનના પ્રથમ રાઉન્ડમાં ભારતની ૧૦,૦૦૦ થી વધુ સ્કૂલોએ ભાગ લીધો હતો. તેમાં તિથિ ટંડેલ પ્રથમ સ્થાન મેળવી આંતરરાષ્ટ્રીય લેવલ પર ક્વોલિફિકેશન કર્યું હતું. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય લેવલમાં ૧૬ દેશના હજારો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં તિથિ ટંડેલ દ્વારા A++ ગ્રેડ મેળવી પ્રથમ સ્થાન મેળવ્યો હતો. જેના ફલશ્રુતિ રૂપે તિથિ ટંડેલને એવોર્ડ, મેડલ તથા લેપટોપ દ્વારા આમંત્રિત મહિમાનોના હસ્તે સન્માનિત કરવામાં આવી હતી. આ સિદ્ધિ પ્રાપ્ત કરી તિથિ ટંડેલે આપણા દેશ, ગુજરાત રાજ્ય, વલસાડ જિલ્લા, પારડી તાલુકાના તેમજ ગામનું નામ રોશન કર્યું છે. હાલ તિથિ દિનેશભાઈ ટંડેલ સ્વામિનારાયણ ગુરુકુળ, ચલા વાપી ખાતે અભ્યાસ કરી રહી છે. એમના પરિવાર અને સમાજના આગેવાનો દ્વારા અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે એવી શુભેચ્છા આપી સાથે ગૌરવની લાગણી અનુભવી રહ્યાં છે.





## પારડીમાં ધી પારડી અને વાપી ટીચર્સ કો. ઓપ. ક્રેડિટ સો. લીમી.ની વાર્ષિક સામાન્યસભા મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડીમાં આવેલ બીઆરસી ભવન ખાતે ધીપારડી અને વાપી ટીચર્સ કો- ઓ. ક્રેડિટ સોસાયટી લિમિટેડ ની ૯૬ મી વાર્ષિક સામાન્ય સભા મળી હતી આ સભામાં નિવૃત થયેલા શિક્ષકો અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કરવામાં આવ્યો હતો અહીં કુમાર શાળા પારડીના બાજુમાં આવેલ તાલુકા બીઆરસી ભવનના હોલમાં વહેલી સવારે ધી પારડી અને વાપી ટીચર સોસાયટીના ચેરમેન શૈલેષભાઈ લક્ષ્મણભાઈ રોહિત વાઈસ ચેરમેન રણજીતભાઈ સોમાભાઈ પટેલ માનદ મંત્રી ધીરુભાઈ છગનભાઈ નાયક સાથે કમિટીના સભ્યો મોટી સંખ્યામાં પ્રાથમિક શાળાના શિક્ષક ભાઈ બહેનો નિવૃત્ત શિક્ષક ભાઈ બહેનો અને તેજસ્વી વિદ્યાર્થીઓ ભેગા થયા હતા બાદમાં દીપ પ્રાગટ્ય કરી સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆત થયા બાદ તાલુકાના ટીચર સોસાયટીના તમામ હોદ્દેદારો અને ટીચર ભાઈ બહેનોનો સન્માન કરવામાં આવ્યો હતો પારડી તાલુકાના ૩૦થી વધુ નિવૃત થયેલા પ્રાથમિક શાળાના શિક્ષક ભાઈ બહેનો ને ચાંદીનો સિક્કો સ્મૃતિ ભેટ સાથે સાલ ઓઢાડી એમનો ભવ્ય સન્માન સોસાયટીના હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યો હતો. લાંબા સમય સુધી પ્રાથમિક શાળાઓમાં પોતાની નિષ્ઠાને ઈમાનદારીથી ફરજ બજાવનાર શિક્ષકોને નેત્સાહિત કરતા શિક્ષકોએ ઉમરકાભેર ટીચર સોસાયટીના હોદ્દેદારોનો આભાર વ્યક્ત કર્યો હતો સાથે તેજસ્વી બાળકોનો પણ સન્માન સમારંભ થયો હતો સન્માન થયા બાદ સોસાયટીનો વાર્ષિક અહેવાલ જીતુભાઈ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો સમિતિના સભ્યોએ વહીવટી ખર્ચ મૃત્યુ ફંડ યોજના નફાની વહેચણી તા. ૧-૪-૨૦૨૫ થી તા. ૩૧-૩-૨૦૨૬ સુધીનો સંપૂર્ણ આવક જાવક નો હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો જેને મંજૂરી આપવામાં આવી હતી યાંત્રિક ઓડિટરની નિમણૂક થઈ હતી પેટનિયમ ૪૬ માં સુધારો કરવા માં આવ્યો હતો જેમાં ધિરાણની મર્યાદા નવ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવી છે વધારાનું કરજ ૭ લાખથી વધારી ૮ લાખ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે શિક્ષક ભાઈ બહેનો વિચાર સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ખાસ બાબત તો આ છે કે આગામી તારીખ ૨૭ મી જુનના રોજ બપોરે ૧૨.૩૦ થી ૪.૩૦ સુધી બીઆરસી ભવન ખારવેલ તાલુકા ધરમપુરમાં વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘની ચૂંટણી થનાર હોય ત્યાં ઓ પી એસ પરિવર્તન પેનલના પ્રમુખ પદના ઉમેદવાર બીપીનભાઈ ટી પટેલ અને મહામંત્રીના ઉમેદવાર જય વદન ભાઈ સુરેશભાઈપટેલ સાથે એમની સંપૂર્ણ ટીમ શિક્ષકો સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન એમની સંપૂર્ણ ટીમને શિક્ષકો દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું બીપીનભાઈએ શિક્ષકો જે ૨૦૧૦ પછી લાગ્યા છે. એમને પેન્શન મળવાની નથી એવા શિક્ષકો માટે લડત ચલાવવામાં આવશે અને શિક્ષકોના દરેક પ્રશ્નોનો નિકાલ કરવામાં આવશે એવી ખાતરી આપી હતી અને દરેક શિક્ષકોને ઓ પી એસ પેનલમાં પોતાનો મત આપવા માટે તેઓએ અપીલ કરી હતી.

## પારડીના સંજય બારિયાનું યુટી સ્વાભિમાન એવોર્ડથી સન્માન કરાયુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** યુટી ચેરીટેબલ ટ્રસ્ટ સેલવાસ દ્વારા સ્વાભિમાન એવોર્ડ, ૨૦૨૬ નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વલસાડથી ઉમરગામ સુધીમાં ૪૩૨ નોમિનેશન આવ્યા હતા. એમાંથી સ્ક્રિનિંગ કરીને ૨૨ જેટલા સેવાભાવી સભ્યોને યુટી સ્વાભિમાન એવોર્ડ ૨૦૨૬ દ્વારા સન્માનમા આવ્યા હતા. જેમાં પારડી માંથી સેવાભાવી સમાજ સેવક સંજય બારીયાનો સિલેક્શનમાં આવ્યું હતું. આ તબક્કે યુટી ચેરીટેબલ ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો સંજય બારીયા કે, જેવો પારડી પંથકમાં સેવાકીય કાર્યો માટે જાણીતા છે ખાસ કરીને રક્તદાન અને સમશાનમાં સેવાકીય કાર્યો એમના મુખ્ય છે.

## પારડી ન.પા. દ્વારા પ્લાસ્ટિક મુકત અભિયાન હાથ ધરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** સરકાર દ્વારા સ્વચ્છ ગુજરાત, પ્લાસ્ટિક ફ્રી ગુજરાત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે જે અંતર્ગત પારડી નગરપાલિકા દ્વારા પારડી શહેરમાં સઘન સફાઈ અને પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નગરપાલિકાના ચીફ ઓફિસર કોમલબેન પ્રમુખ ચેતન નાયકા ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ કારવારી અધ્યક્ષ ચેતન ભંડારી અને આરોગ્ય ચેરમેન કિરણ પટેલ ના માર્ગ દર્શન હેઠળ સેનિટેશન શાખા દ્વારા વિવિધ વિસ્તારોમાં વેપારીઓ અને દુકાનદારો તેમજ હાટબજાર ખાતે આકસ્મિક પ્લાસ્ટિક ચેકિંગ કરતાં પ્લાસ્ટિક નિયમોનું ઉલ્લઘન કરનાર વેપારીઓ, દુકાનદારો પાસેથી ૩૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરીને રૂ. ૧૫૭૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અને કાપડની થેલીનો વપરાશ કરવા વેપારી અને દુકાનદારોને જાગૃત કરવામાં આવ્યા હતા.



## પારડી જે.પી. પારડીવાલા કોલેજમાં યોગ દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડીમાં આવેલ જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસના સ્વયંસેવકો, એન.સી.સી.ના કેડેટ્સ,સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓ તેમજ કોલેજ સ્ટાફ પરિવારના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં અને સ્ટાફમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો તથા સ્વસ્થ જીવનશૈલી જીવવા માટે પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન યોગ પ્રશિક્ષક સંદીપભાઈ દેસાઈ અને જાગૃતિબેન દેસાઈ દ્વારા વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને તેના સ્વાસ્થ્યલક્ષી લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ ઉત્સાહપૂર્વક યોગાભ્યાસમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે મિતેશભાઈ બ્રહ્મભટ્ટ, અનુરાધા ગોપલાણી તથા તૃપ્તિબેન મહેરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કોલેજના આચાર્ય ફાલ્ગુનીબેન જી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમના આયોજનમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રશ્મિ પરમાર, જીતુભાઈ ભોઈ તથા ડૉ. વૈશાલી ચાવડા , એન.સી.સી ના લેફટનન્ટ ડૉ.સત્વિંદર કૌર અને શારીરિક શિક્ષણના પ્રા. જીતેન્દ્રકુમાર એમ. ટંડેલે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી કાર્યક્રમના અંતે સૌએ યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવી સ્વસ્થ અને નિરોગી જીવન જીવવાનો સંકલ્પ કર્યો હતો. કાર્યક્રમ સંચાલન ઈન્ચાર્જ આચાર્યના માર્ગદર્શક હેઠળ ડૉ. રશ્મિ પરમારે કર્યું હતું.

## રોહિણામાં સાંઈબાબા મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડીના રોહિણા ગામે સાંઈબાબા મંદિર ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી રોહિણા કડવીબોર ખાતે શ્રદ્ધા અને ભક્તિનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો છે. રોહિણા કડવીબોર રામ ભક્ત મંડળ અને સાઈ ભક્ત મંડળ દ્વારા વર્ષો જૂનો સંકલ્પ આજે સાકાર થયો છે, અને ગામમાં ભવ્ય સાંઈ બાબા મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો.

આ ધાર્મિક મહોત્સવની શરૂઆત આગલા દિવસે ભવ્ય શોભાયાત્રા સાથે થઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. ઉત્સવના બીજા દિવસે વહેલી સવારથી જ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પૂજા અર્ચના, યજ્ઞ અને મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ મહોત્સવમાં મહા પ્રસાદનું પણ આયોજન કરાયું હતું, જેમાં હજારો ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.



આ પ્રસંગે ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, અમિતભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, ગુલાબભાઈ પટેલ, અંબુભાઈ પટેલ, નીતિન પટેલ, જીગ્નેશ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

મંદિરના નિર્માણની પૃષ્ઠભૂમિ, ઈતિહાસ અને જમીન દાન કરનારા પરિવારોની વિગતો આપતા ગામના સરપંચ રવિન્દ્ર પટેલે આખો ઈતિહાસ રજૂ કર્યો હતો. આ મહોત્સવમાં ભવ્ય શોભાયાત્રા અને આજે પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં આખું ગામ ઉમટી પડ્યું છે. રોહિના ગામની અંદર આ સૌપ્રથમ વાર સાઈબાબાનું મંદિર બન્યું છે, જેથી ગ્રામજનોની વર્ષો જૂની આ અખૂટ ઈચ્છા સાકાર થઈ છે.આ ભવ્ય ભક્તિમય માહોલ વચ્ચે વર્ષોના સંઘર્ષ અને સેવા વિશે વાત કરતા ચંપકભાઈ એ જણાવ્યું કે આ સંકલ્પ પાછળ ૧૪ વર્ષ વીતી ગયા! જેમ અયોધ્યામાં રામ ભગવાને ૧૪ વર્ષનો વનવાસ ભોગવ્યો હતો, તેમ અમારા સાઈબાબાના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા માટે અહીંના સાઈ ભક્તો અને રામ ભક્ત મંડળની ઘણા સમયથી ઈચ્છા હતી. શિરડી પદયાત્રાથી શરૂ થયેલી એક નાનકડી ઈચ્છા આજે ૧૪ વર્ષના લાંબા સમયગાળા અને ગ્રામજનોના અતૂટ સહકારથી એક ભવ્ય મંદિર સ્વરૂપે ફળીભૂત થઈ છે રોહિણા ગામ હવે સાઈભક્તિના રંગે રંગાયું છે.

## પારડીમાં ભાગવત કથાનો પ્રારંભ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડી ધીરુભાઈ હોલમાં પારડીના જાણીતા સમાજસેવક આશિત દેસાઈ ગુરુ દ્વારા તા ૨૨ જુનથી ૨૮ જૂન સુધી શ્રીમદ ભાગવત કથા નું આયોજન પારડી ધીરુભાઈ હોલમાં કરવામાં આવ્યું છે. જે કથા સાંજે ચાર વાગ્યાથી સાત વાગ્યા સુધી દરરોજ ચાલશે જેમાં રાજકોટના જાણીતા કથાકાર દિવ્યાબેન સાધુ કથા સંભળાવશે આ કથામાં ગુરુ દેસાઈ સાથે અલ્પાબેન દેસાઈ મનીષાબેન ઠાકોર પુષ્પાબેન પારડીવાલા અલકાબેન પારેખ જાગૃતીબેન દેસાઈ આખેલ હિન્દ મહિલા પરિષદનના મીનાબેન કોઠારી હીના બેન મપારા વર્ષાબેન કંસારા અને એલી ક્લબના પ્રમુખ નિર્મળાબેન પરમાર અને કથાના મુખ્ય મુખ્ય યજમાન રેણુકાબેન પંચાલ અને કાળુભાઈ આહિર બિલ્ડર ઉપસ્થિત રહ્યા હતા

કથાના પ્રથમ દિવસે આખીલમહિલા પરિષદની બહેનોએ પોથી યાત્રા કાઢી હતી જે પોથી યાત્રા ધીરુભાઈ હોલમાં પહોંચી હતી જ્યાં શ્રીમદ ભાગવત કથા ગ્રંથ નું પૂજન કરવામાં આવ્યું હતું.

દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યા હતા પ્રથમ દિવસની કથામાં ભગવાન શ્રીકૃષ્ણના ભજન સાથે શરૂઆત કરવામાં આવી હતી કથા બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભક્તોએ ભાગ લીધો હતો. આ કથામાં પધારવા માટે ગુરુ દેસાઈ દ્વારા પારડી અને આજુબાજુના વિસ્તારની જનતાને જાહેર આમંત્રણ પઠાવવામાં આવ્યું છે.

## રેંટલાવ શાંતાબા ઈંગ્લીશ મિડી. સ્કુલમાં યોગ દિવસ ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડી તાલુકાના રેટલાવ ગામમાં આવેલ શાંતબા ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના થી થઈ અને શાળાના યોગ શિક્ષક અર્જુન ઉદેશી, નિકિતા ઉદેશી અને સચિન માંગેલા એ ધોરણ ૧ થી ધોરણ ૧૨ ના બાળકોને માર્ગદર્શન આપી વિવિધ યોગાસનો તથા પ્રાણાયમનો અભ્યાસ કરાવ્યો સાથે શાળાના પૂર્વ વિદ્યાર્થી માસ્ટર જય ભાનુશાલી B.C.A. ના શિક્ષણ સાથે PLV સર્વિસમાં જોડાયા સાથે બાળકોને સરળ ભાષામાં સમજણ આપી અને સમાજ સેવામાં યોગદાન આપવાની અપીલ કરી હતી.

શાળાના ટ્રસ્ટી કિશોરભાઈ ગાંધીએ અને ડાયરેક્ટર હાર્દિકભાઈ ભટ્ટ સાથે મળીને જય ભાનુશાલી ને જીવનમાં આ રીતે આગળ વધતા રહેવા આશીર્વાદ આપ્યા અને સ્મૃતિરૂપ ભેટ આપી હતી. શાળાના આચાર્ય આકાંક્ષા ગાંધીએ બાળકોને મેડીટેશન અને યોગ કર્યા હતાં.

## સોંઢલવાડા અશ્વમેઘ વિદ્યાલયમાં વિશ્વ યોગ દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડી તાલુકાના સોનઢલ વાડા ગામમાં આવેલ અશ્વમેઘ વિદ્યાલય ખાતે વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર અને ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના મેનેજિંગ ડિરેક્ટર હર્ષદભાઈ, કેમ્પસ ડિરેક્ટર મનોજભાઈ, આચાર્ય શિક્ષકમિત્રો તેમજ ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમની શરૂઆત યોગના મહત્વ અંગે માર્ગદર્શનથી કરવામાં આવી હતી. બાળકોને જણાવવામાં આવ્યું કે યોગ માત્ર કસરત નથી, પરંતુ સ્વસ્થ અને સંતુલિત જીવન જીવવાની એક ઉત્તમ પદ્ધતિ છે. કેમ્પસ ડિરેક્ટર અને આચાર્યએ પણ વિદ્યાર્થીઓને નિયમિત યોગાભ્યાસ કરવા પ્રેરણા આપી હતી સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

## મોતીવાડાના ભવાની માતા મંદિરમાં નવચંડી યજ્ઞ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડી તાલુકાના મોતીવાડા ગામમાં આવેલ પટેલ ફળિયામાં ભવાની માતાના મંદિરમાં મંદિરના ૨૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભવ્ય નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે ગામ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. નવચંડી યજ્ઞ દરમિયાન વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે યજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો હતો. યજ્ઞમાં ૨૦ જોડાઓ યજમાન તરીકે બેસી આહુતિઓ અર્પણ કરી હતી. આ યજ્ઞમાં ગામના વડીલો, યુવાઓ, મહિલાઓ જોડાયા હતા મંદિર પરિસરમાં સમગ્ર દિવસ દરમિયાન ભક્તિમય વાતાવરણ છવાયું હતું. આ પ્રસંગે ભવાની માતાના મંદિરના પટાંગણમાં મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેંકડો ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ભવાની માતાના મંદિરના દાન માટે ગામના અગ્રણી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલ દ્વારા માતાજીના ચાંદીના મુગટ અને સાઉન્ડ સિસ્ટમ મળેલ હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમના સફળ આયોજન માટે મંદિર ટ્રસ્ટ, ગ્રામજનો અને સેવાભાવી કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. ધાર્મિક શ્રદ્ધા, સામૂહિક એકતા અને આધ્યાત્મિક ઉર્જાના આ અનોખા સમન્વયરૂપ નવચંડી યજ્ઞે સમગ્ર વિસ્તારમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.



Wednesday 24, June 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## ધરમપુરમાં મોહરમને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ધરમપુર, તા.૨૩ :** ધરમપુર ખાતે આગામી મોહરમ પર્વને શાંતિપૂર્ણ અને સુચારુ રીતે ઉજવવા માટે ધરમપુર પોલીસ મથકે પીઆઈ નિખિલ ભોયા તથા પીએસઆઈ વસાવાની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ તાજીયા કમિટીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન સોશિયલ મીડિયામાં કોઈપણ પ્રકારની અભદ્ર કે ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ ન કરવા બંને સમાજના લોકોને અપીલ કરવામાં આવી હતી. ઉપરાંત તાજીયા જુલૂસ સમયસર કાઢવા, ટ્રાફિક નિયમોનું પાલન કરવા તેમજ શાંતિ અને સૌહાર્દ જાળવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આસુરા સ્થિત માન નદી ખાતે તાજીયા વિસર્જન દરમિયાન પૂરતી પ્રકાશ વ્યવસ્થા રહે તે માટે પાલિકા તંત્ર દ્વારા ફોકસ લાઈટની વ્યવસ્થા કરવા તેમજ વિસર્જન સમયે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ખાસ તકેદારી રાખવા અંગે પણ સૂચનો આપવામાં આવી હતી.

પીઆઈ નિખિલ ભોયાએ જણાવ્યું હતું કે મોહરમના તાજીયા જુલૂસ દરમિયાન નગરના તમામ રૂટો પર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. દૂરબીન સહિતની વ્યવસ્થા સાથે પોલીસ કર્મચારીઓ દરેક હલચલ પર સતત નજર રાખશે જેથી પર્વ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ શકે. બેઠકમાં તાજીયા પ્રમુખ સબ્બીર શેખ, યાકુબ કાદરી, નાઝીમ મકરાણી, અમજદ કાદરી, ભાજપ યુવા મોરચાના પ્રમુખ પ્રભાકર યાદવ, પાનવા ગામના સરપંચ સતીશ ચૌધરી, નગરપાલિકાના સભ્ય ફહદ બહાનાન, નરેશ પટેલ સહિત બંને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## છીરીથી તમંચા સાથે બિહારનો યુવક ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૨૩ :** વલસાડ જિલ્લા એસઓજી પોલીસે વાપીના છીરીગામ માંથી ગેરકાયદેસર હથિયાર સાથે એક બિહાર ના ઈસમ શખ્સને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ અને વલસાડ એસઓજીના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. એસ.આર. સુસલાદે અને તેમની ટીમે છીરી વલ્લભનગર ગેટ પાસેથી બાતમીના આધારે એક શંકાસ્પદ યુવકને રોકી તપાસ કરતા તેની પાસેથી હથિયાર મળી આવતા પોલીસે

આરોપી મોહંમદ શાહનવાઝ શેખ (ઉંમર વર્ષ ૨૪, હાલ રહે. છીરી, વાપી, મૂળ રહે. બિહાર) ની તલાશી લેતાં તેની પાસેથી વગર પાસ-પરમિટનો દેશી હાથ બનાવટનો તમંચો કિંમત રૂપિયા ૧૫,૦૦૦ મળી આવ્યો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ તેની અટકાયત કરી આ દેશી તમંચો ક્યાંથી લાવ્યો અને કોને વેચવાનો હતો કે ગુનાહિત પ્રવૃત્તિ કરવાનો હતો તે અંગેની તપાસ ડુંગરા પોલીસ કરી રહી છે.

## વાપી હાઈવે સર્વિસ રોડ પાર્ક ટ્રક ચાલકો સામે લાલ આંખ

**મહિલા પીઆઈ કાનાણી અને સ્ટાફ દ્વારા ૧૦થી વધુને ઈ ચલણ ફટકાર્યું જ્યારે ૨ ટ્રક ચાલકો સામે ગુનો દાખલ કર્યો**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૨૩ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રહે અને માર્ગ અકસ્માતોની શક્યતાઓ ઘટાડવા માટે વાપી ટ્રાફિક પોલીસે ગેરકાયદેસર પાર્કિંગ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. આજરોજ GIDC ચાર રસ્તાથી UPL બ્રિજ તરફ જતા સર્વિસ રોડ પર ગેરકાયદેસર રીતે પાર્ક કરાયેલા ટ્રકોના માલિકો સામે ઈ-ચલણ ફટકારવાની કાર્યવાહી કરવામાં આવી હતી.સર્વિસ રોડ પર લાંબા સમયથી ટ્રકો આડેધડ પાર્ક કરવામાં આવતા વાહનચાલકોને અવરજવર કરવામાં મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને ભારે વાહનો અને દ્વિચક્રી વાહનચાલકો માટે અકસ્માતનો ભય રહેતો હતો. આ બાબતને ગંભીરતાથી લઈ ટ્રાફિક પોલીસે સ્થળ પર પહોંચી નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહન માલિકો સામે દંડાત્મક પગલાં લીધાં હતાં.

આ ઉપરાંત બલીઠા-સલવાવ તરફ આવેલા સર્વિસ રોડ પર પણ ગેરકાયદેસર રીતે પાર્ક કરાયેલા ૨ ટ્રકચાલક સામે કાર્યવાહી સામે ગુનો દાખલ કર્યો હતો. વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.વી. કાનાણીના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ દ્વારા ટ્રકોની તપાસ કરી નિયમભંગ કરનારાઓ સામે ગુનો નોંધવાની તથા ઈ-ચલણ ફટકારવામાં આવતા આડેધડ વાહન પાર્ક કરનારાઓ માં ફફડાટ ફેલાયો હતો. ટ્રાફિક પોલીસે વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટરોને જાહેર માર્ગો અને સર્વિસ રોડ પર ગેરકાયદેસર પાર્કિંગ ન કરવા તેમજ નિયમોનું પાલન ન કરનારાઓ સામે કાર્યવાહી કરાશે.

## ડુંગરી સ્ટેશને અજાણ્યાનું ટ્રેન અડફેટે મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૨૩ :** વલસાડ રેલ્વે પોલીસ સ્ટેશન હેઠળ આવતી બીલીમોરા રેલ્વે આઉટ પોસ્ટ પરથી મળતી સત્તાવાર વિગત મુજબ તા.૨૩/૦૬/૨૦૨૬ ના મંગળવારે વહેલી સવારે ૦૪:૩૦ વાગ્યા પહેલાંના કોઈ પણ સમયે ડુંગરી રેલ્વે સ્ટેશનની દક્ષિણે આવેલા યાર્ડમાં કિલોમીટર નંબર ૨૦૬/૨૬ ના ઈલેક્ટ્રિક થાંભલા પાસે એક અકસ્માત સર્જાયો હતો. જેમાં ડાઉન ટ્રેનની અડફેટે આવતા આશરે ૪૫ થી ૫૦ વર્ષની ઉંમરના એક અજાણ્યા પુરુષને માથાના ડાબી બાજુના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળ પર જ કરુણ મોત નીપજ્યું હતું.

## વલસાડ રેલ્વે ઈલેક્ટ્રીક શેડમાં ચોરી અંગે ભંગારિયાઓને ત્યાં તપાસ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા.૨૩ :** વલસાડ રેલવે ઈલેક્ટ્રીક શેડના સેક્શન માંથી કોપર અને પિત્તળની લાખો રૂપિયાની મતાની ચોરી થવાની ઘટનામાં આરપીએફ ના ઓપરેશન રેલ સુરક્ષા અંતર્ગત ચોરીના ગુનામાં સંડોવાયેલા રેલવે કોર્ટના પટાવાળો , વાહન ચાલક ચોરીનો માલ ખરીદનાર સહિત ત્રણ આરોપીની ધરપકડ બાદ રેલવે પોલીસે વલસાડના બેચર રોડ પર આવેલ ભૂમિકા મેટલ માર્ટ ભંગારના વેપારી ત્યાં પોલીસે પૂછપરછ અને તપાસ કરતા અન્ય ભંગારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

વલસાડ ઈલેક્ટ્રિક શેડમાંથી ૩ માર્ચ૨૦૨૬ ના રોજ ચોરીની ઘટનામાં સુરત રેલવે કોર્ટમાં પટાવાળા તરીકે નોકરી કરતા મોઈન અશરફભાઈ બિલિમોરિયા (ઉં.વ. ૩૦, રહે. વલસાડ) ને ઝડપી પાડ્યો હતો. મોઈને વલસાડ લોકો શેડમાં જ વ્હીકલ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા રેલવે કર્મચારી વસીમ મોહમ્મદ યાકુબ મન્સૂરી (ઉં.વ. ૩૫) સાથે મળીને ચોરી કરી હતી. ત્યારબાદ માર્ચ મહિનાના ૧, ૮ અને ૧૫ માર્ચ રવિવારે એક્ટિવા પર આવી સ્ટોર ખોલી સામાન કોથળામાં ભરી બહાર કાઢતા અને બાદમાં મોઈનની સ્વિફ્ટ કાર GJ 15 CN 0183 માં ભરીને ફરાર થઈ જતા હતા. આરપીએફ પોલીસે વલસાડના ગુંદલાવ ચોકડીના ભંગારના ગોડાઉનમાંથી મુદ્દામાલ જપ્ત બંને આરોપીઓની કબૂલાત બાદ ધ્ભ્જ ની ટીમે ગુંદલાવ ચોકડી પાસે આવેલ શ્યામ ટ્રેડર્સ નામની ભંગારની દુકાને દરોડો પાડતા ચોરીનો માલ ખરીદનાર રિસીવર શ્યામ સુંદર રમેશચંદ્ર ગુપ્તા (ઉં.વ. ૪૨, રહે. કૈલાશ રોડ, વલસાડ) ની ધરપકડ કરી તેની પાસેથી ૧૩૫ kg કોપર અને ૫૦ કિલો પિત્તળ મળી ૫૭,૦૦૦ ના મુદ્દા માલ જપ્ત કર્યો હતો. ભંગારના વેપારી શ્યામ સુંદરે સ્વીકાર્યું હતું કે તેણે આરોપીઓ પાસેથી ૩ થી ૪ વારમાં આશરે ૫૫૦ કિલો જેટલો માલ ખરીદ્યો હતો.અન્ય એક ભંગાર વેપારી વોન્ટેડ, વધુ તપાસ ચાલુ પૂછપરછમાં સામે આવ્યું છે કે શ્યામ સુંદરે બાકીનો ચોરીનો માલ કેરી માર્કેટ મેઈન રોડ પર દુકાન ધરાવતા અન્ય એક ભંગારના વેપારી રાજેશ ત્રિપાઠીને વેચી દીધો હોવાનું જણાવતા આરપીએફ પોલીસે ધ્ભ્જ દ્વારા વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ ભંગાર પ્રકરણમાં ગઈકાલે વલસાડ આરપીએફ પોલીસ ની ટીમ વલસાડ ના બેચર રોડ પર આવેલ શ્રી રામ ચેમ્બર્સ બિલ્ડીંગ માં આવેલ ભૂમિકા મેટલ માર્ટ નામની ભંગારના વેપારી ત્યાં પોલીસે પૂછપરછ અને તપાસ કરતા અન્ય ભંગારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

## વાપીની ગોડાઉનમાં ગેરકાયદે ટ્રેડમાર્ક વાપરી તંબાકુ બનાવતા બે ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૨૩ :** વાપી જીઆઈડીસી ના ફોર ફેસ માં આવેલા એક ગોડાઉનમાંથી ગેરકાયદે ટ્રેડમાર્ક નો ઉપયોગ કરી તંબાકુના પેકેટ પેકિંગ કરતા બે ઈસમને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરાઈ છે

આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વાપી અને વલસાડ જિલ્લામાં જાણીતા એવા મહેન્દ્ર પંદર પૂરી તંબાકુ ના પેકેટ ના વેચાણ માટે તેઓએ ભારતીય રજીસ્ટ્રેશન સેન્ટરમાં તેમનું ટ્રેડમાર્ક અંગે રજીસ્ટ્રેશન કરાવ્યું છે તેમ છતાં તેમનું તંબાકુ ના પેકેટ તેના જેવા જ એટલે કે હુબેહુ પેકેટો પેકિંગ કરી વાપી તથા સંઘ પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીના વિસ્તારોમાં વેચાણ કરતા હતા આ અંગેની જાણ કંપનીના સંચાલક શિવાંગ કિરીટભાઈ પટેલ રહેવાપીને થતા તેઓએ તાત્કાલિક આ અંગેની ફરિયાદ વાપી પોલીસમાં કરવામાં આવી હતી જે અંતર્ગત તપાસ દરમિયાન વાપી જીઆઈડીસીના ફોર ફેસ ખાતે આવેલ સ્ટેન્ફી કેમ નામની કંપનીના ગોડાઉનમાં ગેરકાયદે મશીનો રાખી તેમજ પંઢરપુરી તંબાકુ ના રેપર અને પેકિંગ ના સાધનો સાથે મોટા પ્રમાણમાં તંબાકુનો જથ્થો મળી આવ્યો હતો.આ અંગે વાપી વિભાગના ઇન્ચાર્જ ડીવાયએસપી દ્વારા કંપનીમાં રહેલા પુરણસિંઘ હરિસિંહ દેવલ અને મહાવીર સિંહ હરિ સિંહ દેવલ રહે ૩૦૮ સીજી એપાર્ટમેન્ટ મુક્તાનંદ માર્ગ ચલાવવા આપી અટકાયત કરી મુખ્ય સૂત્રધાર તેમજ મશીન અને રેપર આપનાર રાકેશ નામના અમદાવાદ ખાતે રહેતા આરોપીને વોન્ટેડ જાહેર કરાયો છે.

## વલસાડમાં ચેક બાઉન્સ કેસમાં આરોપીને એક વર્ષની સજા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૨૩ :** વલસાડમાં ચેક રીટર્ન થવાના કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા અને ત્રણ લાખનું વળતર ચૂકવવા આદેશ કરાયો છે.

વલસાડ પારડીના કાહાન ફળિયામાં રહેતા મુકેશ ધીરુભાઈ દેસાઈએ ત્રણ વર્ષ અગાઉ છીપવાડ હનુમાનજી મંદિર પાસે રહેતા હાર્દિક મહેન્દ્રભાઈ ભંડારી નામના મિત્રને પૈસાની જરૂર હોય ત્રણ લાખ રૂપિયા ઉછીના આપ્યા હતાં. હાર્દિક ભંડારીએ મુકેશભાઈ દેસાઈને ચેક તારીખ ૨૬.૦૯.૨૦૨૩ ના રોજ પોતાની બેંક ઓફ બરોડા, વલસાડ શાખાનો રૂ. ૩ લાખનો ચેક આપ્યો હતો. મુકેશ દેસાઈએ ચેક પોતાના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની વલસાડ શાખામાં તારીખ ૨૬.૦૯.૨૦૨૩ ના રોજ જમા કરાવ્યો, ત્યારે બેંક દ્વારા તારીખ ૨૮.૦૯.૨૦૨૩ ના રોજ ખાતામાં પૂરતો બેલેન્સ ન હોય ચેક બાઉન્સ થયો હતો. ચેક બાઉન્સ હતા મુકેશ દેસાઈએ તારીખ ૦૭.૧૦.૨૦૨૩ ના રોજ આરોપીને રજિસ્ટર્ડ પોસ્ટથી કાયદેસરની નોટિસ મોકલી હતી, નોટિસ મળવા છતાં આરોપીએ કોઈ જવાબ આપ્યો ન હતો. આથી મુકેશભાઈ દેસાઈએ જે અંગે વલસાડ કોર્ટમાં કાયદેસરની ફરિયાદ દાખલ કરી હતી. આ ચુકાદો વલસાડના ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ બી.જી. પોપટ એ આરોપી હાર્દિક મહેન્દ્રભાઈ ભંડારી રહે. છીપવાડ, વલસાડ ને એક વર્ષની સાદી કેદની સજા અને ફરિયાદીને ત્રણ લાખનો વળતર ૩૦ દિવસમાં ચૂકવવાનો આદેશ કર્યો છે જો ૩૦ દિવસમાં વળતરના ચુકવે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે.

## વલસાડ જિલ્લામાં 'પ્રગતિનો પ્રવેશોત્સવ' થીમ સાથે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

**વલસાડ, તા. ૨૩ :** વર્ષ ૨૦૦૩માં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ- ૨૦૨૬ની ૨૩મી કડીની ઉજવણીનો પ્રારંભ આજે તા. ૨૩ જૂનથી સમગ્ર રાજ્યમાં ઢોલ નગારા સાથે વાજતે ગાજતે થયો છે ત્યારે વલસાડ જિલ્લામાં પણ ''પ્રગતિનો પ્રવેશોત્સવ''ની થીમ સાથે શરૂ થયેલા આ મહોત્સવમાં વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન જે પટેલે કોસંબા દીવાદાંડી પ્રાથમિક શાળા, લોકસભાના દંડક અને વલસાડ- ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે મોટી દાંતી અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતે અટગામની પ્રાથમિક શાળાથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો ધામધૂમથી શુભારંભ કરાવ્યો હતો.



વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે સવારે સૌ પ્રથમ કોસંબા દીવાદાંડી પ્રાથમિક શાળા ત્યારબાદ તિથલની ગોદાવરીબા માધ્યમિક શાળા અને બપોરે શ્રમજીવી માધ્યમિક શાળામાં નાના ભૂલકાંથી માંડીને કિશોર વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી કુલ ૨૦૨ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થી અને વાલીઓને સંબોધી જણાવ્યું કે, શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન કરવું પણ ખૂબ જ જરૂરી છે. જે માટે શ્રીમદ ભાગવદ ગીતાના પાઠ પણ ભણાવવામાં આવી રહ્યા છે. આપણા બાળકનો સર્વાંગી વિકાસ થાય તે માટે શિક્ષકોની સાથે વાલીઓની પણ મહત્વની જવાબદારી છે.

સાંસદ ધવલભાઈ પટેલે મોતીદાંતી પ્રાથમિક શાળા, પીએમ કકવાડી પ્રાથમિક શાળા અને વી.એફ.ડી.બી. ટંડેલ સાર્વજનિક હાઈસ્કૂલ દાંડી મળીને આ કુલ ૩ શાળામાં આંગણવાડી, બાલવાટીકા, ધો. ૬, ધો. ૯ અને ધો. ૧૧ મળીને કુલ ૨૪૯ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી પ્રવેશ કરાવ્યો હતો. આ વેળા સાંસદએ વિદ્યાર્થીઓને ખાસ જણાવ્યું કે, અત્યાર આ ભણવાનો સમય તમારા માટે ખૂબ જ અમૂલ્ય છે, આ સમય જીવનમાં ફરી ક્યારેય આવશે નહીં જેથી ભણવામાં જ પૂરેપુરુ ધ્યાન આપજો. મોબાઈલમાં ગેમ્સ કે રીલ્સ જોવામાં કિંમતી સમય વેડફશો નહીં.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે અટગામની જીવન શિક્ષણ પ્રાથમિક શાળા, ભોયાવાડ પ્રાથમિક શાળા અને એમ.જી.પટેલ આદર્શ સાર્વજનિક હાઈસ્કૂલ અટગામમાં કુલ ૧૭૮ વિદ્યાર્થીઓને કંકુ-અક્ષતના તિલક કરી વાજતેગાજતે પ્રવેશ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, જીવનમાં સૌથી જરૂરી શિક્ષણ છે. તેમાં ઉતાર ચઢાવ આવતા રહે છે, ક્યારેક નિષ્ફળતા પણ મળે તો હતાશ થવુ નહીં, ફરી મહેનત કરી પરીક્ષા આપશો તો સફળતા ચોક્કસ મળે છે. આ સિવાય તેમણે પાણી બચાવો, પ્લાસ્ટીક પ્રદૂષણ અને બેટી બચાવો, બેટી પઢાવો અંગે સંદેશ આપ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા સરકારી શાળાઓમાં ખાનગી સ્કૂલોને ટક્કર મારે તેવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપવામાં આવી રહ્યુ છે ત્યારે બાળકોને મન લગાવીને ભણી ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થીઓને ઘરે થી સ્કૂલ સુધી લાવવા લઈ જવા માટે ૩ વાહનને લીલીઝંડી પણ તેમણે આપી હતી.

શાળા પ્રવેશોત્સવ ઉજવણીની સાથે સાથે બાળકો એ વ્યસન મુક્તિ, પાણી બચાવો, સામાજિક ઉત્થાન, વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો અને બેટી બચાવો, બેટી પઢાવો સહિતના અનેક વિષયો ઉપર વકતવ્ય આપ્યું હતું. જ્ઞાન સાધના કોમન એન્ટરન્સ ટેસ્ટ, વીરગાથા પ્રોજેક્ટ અને ઈન્સપાયર એવોર્ડ સહિત વિવિધ વિષયોમાં વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ અને શાળામાં ૧૦૦ ટકા હાજરી ધરાવનાર વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ શાળા પરિસરની મુલાકાત લઈ બાળકોના સર્વાંગી વિકાસ અને શિક્ષણ માટે સ્કૂલ મેનેજમેન્ટ કમિટી સાથે બેઠક કરી હતી. શાળા સંકુલ બારેમાસ લીલોછમ રહે તે માટે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ દરમિયાન સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાડ ગામે કોલેજ માટે ગૌચરની જમીન ફળવાય તો વિરોધ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા.૨૩ :** નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના વાડ ગામે સરકારી લો કોલેજ માટે ગૌચરણની જગ્યા ફાળવવા બાબતે ગ્રામજનોએ વિરોધ ના સુર સાથે ખેરગામ મામલતદારને એક આવેદનપત્ર આપ્યું હતું.

નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના વાડ ગામે સરકારી લો કોલેજ માટે ગૌચરણ જગ્યા ફાળવવામાં આવશે તે માટે ગ્રામજનો દ્વારા વિરોધ કરી ખેરગામ મામલતદારને એક આવેદનપત્ર આપ્યું હતું જેમાં જણાવ્યાનુંસાર આ વિસ્તારમાં મોટેભાગે ખેડૂતના પશુપાલકોના પશુઓના ચરણ માટે ઉપરોક્ત જગ્યા ફાળવેલ છે સદર ગૌચરણની જમીનની આજુબાજુ આદિવાસીઓની ખેતી વિષયક જમીનો આવેલ છે જે આજીવીકાનું સાધન છે ગૌચરણની જગ્યાએ વર્ષોથી પશુપાલકોની ગાય, ભેંસો બકરાઓને ચરવા માટે લઈ જતા હોય સદર ગૌચરણની જમીનમાં લો કોલેજની સ્થાપના કરવામાં આવશે તો અમારો સખત વાંધો અને વિરોધ રહ્યો છે.

## દાનહમાં NSUI એ 'છાત્રોની ગૂંજ' અભિયાન શરુ કર્યું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા. ૨૩ :** નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI)ની દાદરા અને નગર હવેલી એકમ તથા પ્રદેશ કોંગ્રેસ સમિતિએ મંગળવારે સેલવાસામાં પત્રકાર પરિષદ

યોજી દેશવ્યાપી 'છાત્રોની ગૂંજ' અભિયાનની શરૂઆત કરી હતી. આ દરમિયાન શિક્ષણ વ્યવસ્થા, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, વિદ્યાર્થીઓના ભવિષ્ય અને રોજગાર સંબંધિત પ્રશ્નોને ઉજાગર કરવામાં આવ્યા હતા.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પ્રભુ ટોકિયાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા આ અભિયાનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના પ્રશ્નોને મજબૂત અવાજ આપવાનો અને શિક્ષણ વ્યવસ્થાની ખામીઓને સામે લાવવાનો છે.તેમણે જણાવ્યું હતું કે દાદરા અને નગર હવેલી તેમજ દમણ-દીવમાં આજે સુધી એક પણ યુનિવર્સિટી સ્થાપિત કરવામાં આવી નથી, તેમણે સરકારી શાળાઓમાં શિક્ષકોની અછત અને શિક્ષકોને અન્ય સરકારી કામગીરીમાં વ્યસ્ત રાખવાના મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા.

NSUI પ્રદેશ અધ્યક્ષ નૌસીન શેખે જણાવ્યું હતું કે તાજેતરમાં યોજાયેલી Re-NEET પરીક્ષા માટે દાનહમાંથી અંદાજે ૧,૨૦૮ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જ્યારે આશરે ૧,૦૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા તેથી NSUI ટૂંક સમયમાં દાદરા અને નગર હવેલીમાં સ્ટુડન્ટ હેલ્પ ડેસ્ક શરૂ કરશે, જ્યાં વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન, સ્કોલરશિપ અને અન્ય શૈક્ષણિક પ્રશ્નોમાં સહાય પૂરી પાડવામાં આવશે.

NSUIએ ૨૫ જૂનથી ૯ ઑગસ્ટ દરમિયાન ચાલનારા 'છાત્રોની ગૂંજ' અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓના પ્રશ્નો એકત્ર કરીને સંબંધિત સત્તાધીશો સમક્ષ રજૂ કરવામાં આવશે.

## બલીઠા રેલ્વે બ્રીજથી દારૂ ભરેલ કાર ઝડપાઈ

**વાપી, તા.૨૩ :** એલસીડી પીઆઇ રોજ ના માર્ગદર્શનમાં સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાકીની આધારે ગાત રાત્રે બલિઠા રેલવે ઓરબીજ પર સફેદ કલરની એ ટીકો કાર નંબર જીજે ૧૫ સી ક્યુ ૧૫૭૦ નો બીજો કરતા ચાલક કાર ઉભી રાખી ભાગી ગયો હતો. પોલીસે આ એક્કો કારમાં તપાસ કરતા દારૂ પિયરના ૩૭ બોક્સ મળી આવ્યા હતા જેની કુલ કિંમત ૪,૪૨,૮૦૦ થાય છે આ સાથે પોલીસે eeco કાર મળી કુલ ૧૦ લાખ ૪૨,૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## વાપીમાં કલ્યાણ જ્વેલર્સના નવા શોરૂમનું અભિનેત્રી તબ્બુ ઉદઘાટન કરશે

દમણગંગા ટાઈમ્સ
CORPORATE NEWS

કલ્યાણ જ્વેલર્સે ગુજરાતના વાપીમાં તેના નવા શોરૂમનું ઉદઘાટન બોલીવુડ અભિનેત્રી તબ્બુ ૨૬ જૂન (શુક્રવાર) સાંજે ૫.૩૦ કલાકે કરશે. હાલમાં બ્રાન્ડ પ્રદેશના તમામ પ્રમુખ બજારોમાં મજબૂત ઉપસ્થિતિ ધરાવે છે.

આ ભવ્ય લોંચની ઉજવણી કલ્યાણ જ્વેલર્સે જૂના સોનાના એક્સચેન્જ ઉપર શૂન્ય કપાત સાથે મેકિંગ ચાર્જીસ ઉપર ફ્લેટ ૫૦ ટકાની છૂટ તથા સ્ટોન ચાર્જીસ ઉપર ફ્લેટ ૧૫ ટકા ડિસ્કાઉન્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત કંપની તેમના સમર્પિત એન્કેશ કાઉન્ટર ઉપર તમારા જૂના સોના માટે તાત્કાલિક રોકડ વિતરણ પ્રદાન કરે છે તેમજ કલ્યાણના સ્પેશિયલ ગોલ્ડ બોર્ડ રેટનો લાભ પણ આપે છે, જે બજારમાં સૌથી ઓછો છે અને તમામ શોરૂમમાં પ્રમાણિત છે. નવા શોરૂમના લોંચ અંગે પ્રતિક્રિયા આપતાં કલ્યાણ જ્વેલર્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રમેશ કલ્યાણરમણે કહ્યું હતું કે, ગુજરાત સૌથી મહત્વપૂર્ણ બજારો પૈકીનું એક છે અને અમે છેલ્લાં કેટલાંક વર્ષોમાં અહીં અમારી ઉપસ્થિતિનું વ્યૂહાત્મક વિસ્તરણ કર્યું છે. અમને વિશ્વાસ છે કે વાપીમાં નવો શોરૂમ અમારી બજાર ઉપસ્થિતિને વધુ મજબૂત કરશે તેમજ અમારા ગ્રાહકોને વધુ સુવિધા અને પહોંચ પૂરી પાડશે.

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# શાળા પ્રવેશોત્સવ : વડાપ્રધાનએ આપેલો વારસો બન્યો 'પ્રગતિનો પ્રવેશોત્સવ'







ઈતિહાસની સૌથી મોટી વિશેષતા એ છે કે એ મોટાભાગે એવી ક્ષણોમાં રચાતો હોય છે, જ્યારે કોઈની નજરમાં તે ક્ષણ અસામાન્ય કે વિશેષ નથી હોતી. એક બાળકનો -થમ વખત શાળામાં પ્રવેશ થવો એ પણ આમ તો એક સામાન્ય ઘટના જ લાગે છે. પણ જે નજરો આ સામાન્ય લાગતી બાબતમાં ઊંડાણ જુએ છે, તે જાણે છે કે એ એક નાનકડા પગલામાં કેટલીય પેઢીઓનું ભવિષ્ય સમાયેલું હોય છે. શાળામાં પ્રવેશી રહેલા બાળક માટે એ શાળાનું દ્વાર જ નથી ખૂલતું, પરંતુ તેની સાથે તેના પરિવાર માટેની સંભાવનાઓ પણ ખૂલે છે, સમાજની આશાઓને નવી પાંખો મળે છે અને આવનારા કાલની અસંખ્ય શક્યતાઓ પણ તે ક્ષણે જન્મ લેતી હોય છે. આ જ કારણ છે કે, જ્યારે આપણે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા વર્તમાન માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિથી શરૂ કરવામાં આવેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની ૨૩ વર્ષોની ગૌરવશાળી યાત્રા પર નજર કરીએ છીએ, ત્યારે તે ફક્ત કોઈ સરકારી અભિયાનની સાફલ્યગાથા જ નથી લાગતી, પરંતુ તે એક એવા સામાજિક પરિવર્તનની ગાથા લાગે છે, જેણે ગુજરાતની અનેક પેઢીઓને જીવનની નવી દિશા પ્રદાન કરી છે.

જ્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે વર્ષ ૨૦૦૩માં આ અભિયાનનો પાયો નાખ્યો હતો, ત્યારે રાજ્ય અનેક સામાજિક અને વિકાસલક્ષી પડકારોનો સામનો કરી રહ્યું હતું. શિક્ષણનું ક્ષેત્ર પણ એ પડકારોમાંનું એક હતું. વર્ષ ૨૦૦૧-૦૨માં શાળા છોડીને જનારા બાળકોનો દર ૩૭ ટકાથી પણ વધુ હતો, એટલે કે લગભગ દરેક ત્રીજું બાળક શિક્ષણના મુખ્ય પ્રવાહમાંથી બહાર થઈ જતું હતું. રાજ્યના અનેક પરિવારોમાં હજુ પણ શિક્ષણના મહત્વ અંગે પૂરતી જાગૃતિનો અભાવ હતો, જ્યારે સામાજિક અને આર્થિક મર્યાદાઓના કારણે દીકરીઓના શિક્ષણને વિશેષ પડકારોનો સામનો કરવો પડતો હતો.

એવા સમયે આપણા લોકપ્રિય જનનેતા નરેન્દ્રભાઈ મોદીએ એક એવો વિચાર રજૂ કર્યો, જે સાંભળવામાં ભલે સરળ લાગતો હોય, પરંતુ તેનાં પરિણામો આગળ જતાં અત્યંત ક્રાંતિકારી સાબિત થયાં. શિક્ષણ માત્ર સરકારનો વિષય નહીં, પરંતુ સમગ્ર સમાજનો સંકલ્પ બનવો જોઈએ, આ વિચાર નરેન્દ્રભાઈ મોદીનો વિચાર હતો, અને આ જ વિચારે આ અભિયાનને માત્ર એક વહીવટી કાર્યક્રમ સુધી સીમિત ન રાખતાં, જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની સૌથી મોટી વિશેષતા એ રહી કે, તેણે શાસન અને સમાજ વચ્ચેનું અંતર દૂર કરી દીધું. મુખ્યમંત્રીથી લઈને મંત્રીઓ સુધી, ધારાસભ્યોથી લઈને IAS, IPS અને IFS અધિકારીઓ સુધી, સૌ કોઈ ગામે-ગામ પહોંચ્યાં, પરિવારોને મળ્યાં અને બાળકોનો હાથ પકડીને તેમને શાળાના દ્વાર સુધી લઈ ગયાં. છેલ્લાં ૨૩ વર્ષોથી આ પરંપરા અવિરત ચાલુ રહી છે.

કોઈ વ્યક્તિએ રજૂ કરેલા વિચારની સાચી શક્તિ તેના શબ્દોમાં નહીં પરંતુ, તે વિચારને અમલી બનાવ્યા પછી તેનાં પરિણામોમાં જોવા મળે છે. છેલ્લાં ૨૩ વર્ષોમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના વિચારે પણ પોતાની સાર્થકતા આ જ કસોટી પર સાબિત કરી છે. આ પહેલની સૌથી મોટી ઉપલબ્ધિ ફક્ત શાળાઓ સુધી બાળકોની પહોંચમાં થયેલો વધારો જ નથી, પરંતુ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના માધ્યમથી શિક્ષણ દ્વારા લાખો જીવનમાં આવેલું સકારાત્મક પરિવર્તન તેની સૌથી મોટી સિદ્ધિ છે. વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જે બાળકોએ પ્રથમ વખત શાળામાં પગ મૂક્યો હતો, તેમાંથી આજે કોઈ ડૉક્ટર છે, કોઈ એન્જિનિયર, કોઈ શિક્ષક, તો કોઈ સફળ ઉદ્યોગ-સાહસિક છે; પરંતુ, આ તમામની એક સમાન ઓળખ એ છે કે નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી વિચારસરણી અને શાળા-પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી રથયાત્રા જેવા પ્રયાસોએ તેમને શિક્ષણના માધ્યમથી પોતાનાં સપનાંઓને સાકાર કરવાની તક પ્રદાન કરી છે.

કોઈ પણ સમાજમાં કાયમી પરિવર્તન ત્યારે આવે છે, જ્યારે તે સમાજની દીકરીઓ પ્રગતિ કરે છે. મોદીજી તેમના નેતૃત્વના પ્રારંભિક તબક્કામાં જ સમજી ગયા હતા કે ગુજરાતના ભવિષ્યને જો સશક્ત બનાવવું હશે તો દીકરીઓના શિક્ષણને જનઆંદોલનનું સ્વરૂપ આપવું જ પડશે. આ વિચાર સાથે કન્યા કેળવણી રથયાત્રાને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો એક અભિન્ન ભાગ બનાવવામાં આવ્યો. છેલ્લા બે દાયકાઓમાં ગુજરાતમાં દીકરીઓના શિક્ષણ પ્રત્યે સમાજના દષ્ટિકોણમાં જે પરિવર્તન આવ્યું છે, તે માત્ર સરકારી પ્રયાસોનું પરિણામ નથી, પરંતુ એક સામૂહિક જાગૃતિ અને ચેતનાનું પરિણામ છે. આજે માતા-પિતા પોતાની દીકરીઓને શાળામાં મોકલવા સુધી જ સીમિત નથી રહેતાં, પરંતુ તેમને ઉચ્ચ શિક્ષણની નવી ઊંચાઈઓ સર કરતી અને પોતાનાં સપનાંઓને સાકાર કરતી જોવા પણ આતુર રહે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલા સામાજિક પરિવર્તનના આ સંકલ્પને વધુ મજબૂત બનાવવા માટે રાજ્ય સરકારે નમો લક્ષ્મી યોજના શરૂ કરી છે, જેની હેઠળ ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતી દીકરીઓને રૂ.૫૦,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. સાથે જ, વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના પણ અમલમાં મૂકવામાં આવી છે, જેના હેઠળ ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા પાત્ર વિદ્યાર્થીઓને બે વર્ષ દરમિયાન કુલ રૂ.૨૫,૦૦૦ની સહાય આપવામાં આવે છે. અમારો દૃઢ સંકલ્પ છે કે, આર્થિક મર્યાદાઓ હવે કોઈ પણ વિદ્યાર્થીનાં સપનાંઓને અવરોધશે નહીં.

શિક્ષણનો ઉદ્દેશ માત્ર બાળકોનું શાળામાં માત્ર નામાંકન સુનિશ્ચિત કરવાનો નથી હોતો, પરંતુ તેની સાચી સાર્થકતા ત્યારે સાબિત થાય છે, જ્યારે બાળક શાળામાં રહીને શીખવાની જિજ્ઞાસા, વિચારવાની સ્વતંત્રતા અને પોતાની અંદર રહેલી સંભાવનાઓને ઓળખવાની દૃષ્ટિ વિકસાવી શકે. આ જ વિચાર સાથે વર્ષ ૨૦૦૯માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલો ગુણોત્સવ આજે ગુણોત્સવ ૨.૦ તરીકે વિકસ્યો છે, અને શાળાઓમાં ગુણવત્તા આધારિત મૂલ્યાંકનની એક સુદૃઢ પરંપરા સ્થાપિત થઈ છે. તે જ રીતે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને અનુરૂપ વિકસિત કરવામાં આવેલ સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક અંતર્ગત શાળાઓની ગુણવત્તાના મૂલ્યાંકન માટે ૨૧૧ માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જે બાળકોના સર્વાંગી વિકાસ, શિક્ષણની ગુણવત્તા અને શૈક્ષણિક શ્રેષ્ઠતાને સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

વધુમાં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને અનુરૂપ ગુજરાતે 5+3+3+4 શૈક્ષણિક માળખું પણ અમલમાં મૂક્યું છે અને બાલવાટિકાનું સાર્વત્રિક અમલીકરણ પણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. આ સાથે આધુનિક ટૅક્નોલૉજીએ પણ આ યાત્રામાં એક સશક્ત ભૂમિકા ભજવી છે.

ડિજિટલ રીતે જન્મનોંધણીની સિસ્ટમ અને ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટિમના એકીકરણથી પ્રત્યેક બાળક સુધી પહોંચ અને તેનું સતત મોનિટરિંગ સુનિશ્ચિત થયું છે. આ ઉપરાંત, ગુજરાતનું વિદ્યા સમીક્ષા કેન્દ્ર, જે ભારતની પ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંચાલિત શૈક્ષણિક મોનિટરિંગ વ્યવસ્થા છે, તે સમગ્ર શિક્ષણ-પ્રણાલીનું રિયલ-ટાઈમ મોનિટરિંગ કરે છે. આ જ વ્યવસ્થા હેઠળ કાર્યરત AI આધારિત અર્લી વૉર્નિંગ સિસ્ટિમ સંભવિત રીતે શાળા છોડવાનું જોખમ ધરાવતાં બાળકોની અગાઉથી ઓળખ કરીને સમયસર જરૂરી માર્ગદર્શન આપે છે. રાજ્ય સરકારના આ પ્રયાસો દર્શાવે છે કે અમે શાળા પ્રવેશોત્સવની મૂળ ભાવનાને આધુનિક યુગમાં એક નવી પ્રાસંગિકતા પ્રદાન કરી છે.

કોઈ પણ અભિયાનની સાચી તાકાત ત્યારે સિદ્ધ થાય છે, જ્યારે સમાજ પોતે જ તેનો ભાગીદાર બને. છેલ્લા ૨૩ વર્ષોમાં જનતા અને વિવિધ સંસ્થાઓ દ્વારા શાળાઓને લગભગ રૂ.૩૨૬ કરોડથી વધુની સહાય પ્રાપ્ત થઈ છે. એ જ રીતે, શાળા વ્યવસ્થાપન સમિતિઓમાં ૭૫ ટકા વાલીઓની ભાગીદારી અને ૫૦ ટકા મહિલા પ્રતિનિધિત્વે શિક્ષણને સાચા અર્થમાં એક સામૂહિક જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું છે. આ ઉપરાંત, ગુજરાત સરકારની મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજના અને જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ જેવી યોજનાઓ આજે એવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે નવી તકોનાં દ્વાર ખોલી રહી છે, જેઓ પ્રતિભા ધરાવતા હોવા છતાં સંસાધનોના અભાવે પોતાનાં સપનાંઓને અધૂરાં છોડવા માટે મજબૂર બની જતા હતા. આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક પ્રસંગે કહ્યું હતું કે, જો આપણે વિકસિત ભારતનું નિર્માણ કરવું હોય, તો આપણા બાળકોના સપનાઓને બળ આપવું પડશે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની ૨૩ વર્ષની આ યાત્રા તેમના આ વિચારનું જીવંત પ્રતિબિંબ છે.

ધરતીમાં બીજ રોપનાર જાણતો હોય છે કે તે પોતે કદાચ એ બીજમાંથી ઊગનારા વૃક્ષની છાયામાં ક્યારેય નહીં બેસી શકે, છતાં પણ તે સંપૂર્ણ વિશ્વાસ સાથે બીજને ધરતીમાં રોપે છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા પણ મોદીજી દ્વારા વાવવામાં આવેલું એવું જ એક દૂરંદેશી બીજ છે,

જે આજે શિક્ષણ, સમાન તકો અને સામાજિક જાગૃતિના વિશાળ વટવૃક્ષ તરીકે આપણી સમક્ષ ઊભું છે, જેની છાયામાં ગુજરાતની નવી પેઢીઓ પોતાનાં સપનાંઓને આકાર આપી રહી છે. સમય વીતે છે, નેતૃત્વ બદલાય છે, યોજનાઓ પણ બદલાતી રહે છે, પરંતુ, કેટલાંક વિચારબીજ એવા હોય છે, જે પેઢીઓના ભાગ્યનો અભિન્ન હિસ્સો બની જાય છે.

આ પહેલ એવા જ એક વિચારની જીવંત અભિવ્યક્તિ છે, જેણે લાખો બાળકોને તક, લાખો દીકરીઓને આત્મવિશ્વાસ અને સમગ્ર સમાજને નવી દિશા પ્રદાન કરી છે. ભવિષ્યની પેઢીઓ જ્યારે ગુજરાતની વિકાસયાત્રાનો ઈતિહાસ લખશે, ત્યારે પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આ પ્રયાસોને એક ઐતિહાસિક સામાજિક ક્રાંતિ તરીકે હંમેશા યાદ કરવામાં આવશે.

**- ભૂપેન્દ્ર પટેલ**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

# બીલીમોરામાં ત્રણ માસૂમ બાળકોને પોલીસે નાની સાથે મિલાવ્યા

**બીલીમોરા, તા.૨૩**

બીલીમોરા જલારામ મંદિર પાસે આવેલા બ્રિજ નીચેથી મંગળવારે ત્રણ માસૂમ બાળકો એકલા અટૂલા મળી આવતા થોડીવાર માટે દોડધામ મચી ગઈ હતી.

આ ભૂલકાઓને એકલા જોઈને આજુબાજુના જાગૃત નાગરિકોએ ત્વરિત માનવતા દાખવી બીલીમોરા પોલીસનો સંપર્ક કરી સમગ્ર ઘટનાની જાણ કરી હતી. માહિતી મળતા જ બીલીમોરા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ત્રણેય બાળકોનો સુરક્ષિત કબજો મેળવ્યો હતો. પોલીસે ત્વરિત એક્શનમાં આવી આસપાસના વિસ્તારોમાં તપાસ હાથ ધરતા ગણતરીના સમયમાં જ બાળકોના નાનીની ભાળ મેળવી લીધી હતી અને કાયદેસરની કાર્યવાહી બાદ બાળકોને સહીસલામત તેમને સોંપી દીધા હતા.

જોકે આ માસૂમ બાળકો આ સ્થિતિમાં અહીં કેવી રીતે પહોંચ્યા તે દિશામાં અને તેમના માતા-પિતાની શોધખોળ માટે બીલીમોરા પોલીસે વધુ તપાસ ચાલુ રાખી છે.

## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM
KIRTIKUMAR PARSOTTAM SOLANKI TO KIRTIKUMAR PURSHOTTAM SOLANKI
ADDRESS : 65/4, TALAV FALIA, BHAMTI, MOTI DAMAN-396220

## નામ બદલ્યું છે

મેં મારું જૂનું નામ **રીમા ગુર્જર** બદલીને નવું નામ **રીમા સિંહ ગુર્જર** રાખ્યું છે, અને હવેથી હું મારા નવા નામે જ ઓળખાઈશ, જેની કૃપા કરી નોંધ લેવી.

**SD : રીમા સિંહ ગુર્જર**
**સરનામું :** રો હાઉસ નંબર-૫૮, તુલસી વિલા, અંબિકા પાર્ક પાસે, લવાછા, વલસાડ, ગુજરાત, ડુંગરા ૩૯૬૧૯૩

## નામ બદલ્યું છે

મેં મારું જૂનું નામ **અનૂપ સિંહ ગુર્જન** બદલીને નવું નામ **અનૂપ સિંહ** રાખ્યું છે, અને હવેથી હું મારા નવા નામે જ ઓળખાઈશ, જેની કૃપા કરી નોંધ લેવી.

**SD : અનૂપ સિંહ**
**સરનામું :** રો હાઉસ નંબર-૫૮, તુલસી વિલા, અંબિકા પાર્ક પાસે, લવાછા, વલસાડ, ગુજરાત, ડુંગરા ૩૯૬૧૯૩

## એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૨૭/૨૦૨૬

**અરજદાર : સુદેશ નરેશભાઈ અરોરા**
**રહે.** બી-૫૮, જીઆઈડીસી ગાર્ડન પાસે, વાપી,
તા.વાપી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : ચીફ ઓફિસરશ્રી અને**
**જન્મ અને મરણ નોંધણી અધિકારીશ્રી**
**વાપી મહાનગરપાલિકા, તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુદેશ નરેશભાઈ અરોરા** રહે.બી-૫૮, જીઆઈડીસી ગાર્ડન પાસે, વાપી, તા.વાપી, જી.વલસાડનાઓએ તેમના પિતાશ્રી **સ્વ. નરેશભાઈ ગણેશદાસ અરોરા**નું મરણ તા.૨૭/૦૨/૨૦૧૧ના રોજ મોજે વાપી તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ,મરણ/રજી૨૭/વશી૬૧૦/૨૦૨૬**
**એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા, તા.વાપી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વાપી (શહેર)**

## ફોર્મ નં. URC-2

**કાયદાના પ્રકરણ XXI ના ભાગ I હેઠળ નોંધણી અંગે સૂચના આપતી જાહેરાત**
**[કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૩૭૪(b) અને કંપનીઓ (નોંધણી માટે અધિકૃત) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૪(૧) અનુસાર]**

૧. આથી સૂચના આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૩૬૬ની પેટા-કલમ (૨) ના અનુસંધાનમાં, પંદર દિવસ પછી પરંતુ ત્રીસ દિવસની મુદત પૂરી થાય તે પહેલાં, સેન્ટ્રલ રજિસ્ટ્રેશન સેન્ટર (સીઆરસી), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (આઈઆઈસીએ), પ્લોટ નં. ૬,૭, ૮, સેક્ટર ૫, આઈએમટી માનેસર, જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પિન કોડ-૧૨૨૦૫૦ ખાતે રજિસ્ટ્રારને અરજી કરવાની દરખાસ્ત છે કે 'મેસર્સ બ્રિઝલ ગ્રાઉન્ડિંગ સિસ્ટમ્સ', એક ભાગીદારી પેઢી કંપની અધિનિયમ ૨૦૧૩ ના પ્રકરણ XXI ના ભાગ I હેઠળ શેર દ્વારા મર્યાદિત કંપની તરીકે નોંધણી કરાવી શકાય છે.

૨. કંપનીના મુખ્ય ઉદ્દેશ્યો છે ૧. તમામ પ્રકારના ઈલેક્ટ્રિકલ એક્સેસરીઝ, ઈલેક્ટ્રિકલ ઘટકો, ઈલેક્ટ્રિકલ ફિટિંગ, અર્થિંગ એક્સેસરીઝ, અર્થિંગ ઈલેક્ટ્રોડ્સ, અર્થિંગ સિસ્ટમ્સ, ગ્રાઉન્ડિંગ સાધનો, કંડક્ટર, કનેક્ટર્સ, ક્લેમ્પ્સ, કેબલ્સ, વાયર, ઈલેક્ટ્રિકલ હાર્ડવેર અને સંબંધિત ઉત્પાદનોનું ઉત્પાદન, ઉત્પાદન, પ્રક્રિયા, વેચાણ, વિતરણ, સપ્લાય અને વ્યવહાર કરવાનો વ્યવસાય ચલાવવો. ૨. બ્રાઈટ બાર, સ્ટીલ બાર, એલોય સ્ટીલ બાર, સ્ટેનલેસ સ્ટીલ બાર, મેટલ રોડ, સેક્શન, પ્રોફાઈલ્સ અને અન્ય ફેરસ અને નોન-ફેરસ મેટલ ઉત્પાદનો અને તેમના ડેરિવેટિવ્ઝનું ઉત્પાદન, પ્રક્રિયા, ડ્રો, રોલ, ફોર્જ, મશીન, ફિનિશ, ખરીદ, વેચાણ, આયાત, નિકાસ અને અન્યથા વ્યવહાર કરવો. ૩. ઉપરોક્ત વ્યવસાયો માટે આકસ્મિક અથવા આનુષંગિક બધી પ્રવૃત્તિઓ હાથ ધરવા, જેમાં ડિઝાઈન, વિકાસ, પરીક્ષણ, ઈન્સ્ટોલેશન, જાળવણી, માર્કેટિંગ, ટ્રેડિંગ, વેરહાઉસિંગ, પરિવહન અને ઈલેક્ટ્રિકલ ઉત્પાદનો, અર્થિંગ સિસ્ટમ્સ, બ્રાઈટ બાર અને સંલગ્ન એન્જિનિયરિંગ ઉત્પાદનો સંબંધિત કન્સલ્ટન્સીનો સમાવેશ થાય છે.

૩. પ્રસ્તાવિત કંપનીના ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને આર્ટિકલ ઓફ એસોસિએશનની નકલ પ્લોટ નંબરઃ સી ૫૫, ૧૦૦ શેડ એરિયા, ફેઝ I, જીઆઈડીસી, વાપી-૩૯૬૧૯૫, ગુજરાત, ભારત ખાતેની ઓફિસમાં તપાસી શકાય છે.

૪. આથી સૂચના આપવામાં આવે છે કે આ અરજી સામે વાંધો ઉઠાવનાર કોઈપણ વ્યક્તિ આ સૂચનાના પ્રકાશનની તારીખથી એકવીસ દિવસની અંદર સેન્ટ્રલ રજિસ્ટ્રેશન સેન્ટર (CRC), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA), પ્લોટ નં. ૬,૭, ૮, સેક્ટર ૫, IMT માનેસર, જિલ્લો ગુડગાંવ (હરિયાણા), પિન કોડ-૧૨૨૦૫૦ ખાતે રજિસ્ટ્રારને લેખિતમાં પોતાનો વાંધો જણાવી શકે છે, અને તેની નકલ કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસમાં મોકલી શકે છે.

**તારીખ : ૨૪ જૂન, ૨૦૨૬**

**ફોર, બ્રિઝલ ગ્રાઉન્ડિંગ સિસ્ટમ્સ**

| Sd/- | Sd/- | Sd/- |
|---|---|---|
| **પ્રતિક મહેન્દ્રકુમાર ખત્રી** | **વિણાબેન મહેન્દ્રકુમાર ખત્રી** | **જલ્પા પ્રતીક ખત્રી** |
| ભાગીદાર | ભાગીદાર | ભાગીદાર |

## LOST PASSPORT

I, Jitendra Jena S/o Dayanidhi Jena have lost my passport (no. S2748679 issued by Mumbai RPO) at Pramukh Vatika, Near Cinemax, Silvassa,DNH on 29/05/2026. Whomsoever finds it please return at - flat no 108, building no C3,Sai Shantidham, Bavisa Faliya, Silvassa, DNH.

## જાહેર હરાજી

આથી રસ ધરાવતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે નિમખલ ગામે કોઢારા ફળિયામાં આવેલ પીવાના પાણીની જર્જરિત ટાંકી અને મોટર કેબિન તોડવા તેમજ હરાજી બાબત.

હરાજીમાં ભાગ લેવા માટે હરાજી શરૂ થતાં પહેલા રૂા.૧૫૦૦૦/- (પંદર હજાર પુરા) ડીપોઝીટ (રીફંડેબલ) ભરવાની રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઈ શકશે નહી. હરાજીની તમામ શરતો હરાજી પહેલા વાંચી સંભળાવવામાં આવશે અને તમામને બંધનકર્તા રહેશે.

હરાજીમાં મહત્તમ બોલી બોલનારને કાટમાળ ખરીદવા હક્કદાર ગણાશે તથા મહત્તમ બોલી બોલનાર કાટમાળ ના લે તો તેને ડીપોઝીટની રકમ આપવાની રહેશે નહી. તથા પહેલા બોલી બોલનારને કાટમાળ આપવાનો રહેશે તથા તેઓએ કરેલ બોલીના ૫૦ ટકા રકમ તાત્કાલિક ભરવાની રહેશે. બાકીની રકમ શરતો પ્રમાણે ભરવાની રહેશે અથવા ડીપોઝીટની રકમ જપ્ત કરવા પાત્ર રહેશે.

**હરાજીનું સ્થળ** : **ગ્રામ પંચાયત કચેરી, નિમખલ**
**હરાજીની તારીખ** : ૩૦/૦૬/૨૦૨૬
**સમય** : **સવારે ૧૦:૦૦ કલાકે**

**નોંધ :** હરાજીમાં ભાગ લેનારે પોતાની ઓળખ માટે આધાર પુરાવા સાથે રાખી હાજરી આપવાની રહેશે.

**સહી/-**
**તલાટી કમ મંત્રી**
**ગ્રામ પંચાયત નીમખલ**
**તા.પારડી, જી.વલસાડ**

**No.MAM/SIL/RTS/RBD-DNH/14/Birth/2026/1358 Dated: 10/3/2026.**

**APPLICANT- Saurabh Mishra,**
**Presently residing at- Flat no.301, 3rd floor,**
**Jay Ma Bhavani-B, Kanchan Nagar, Chiri, Vapi,**
**Ta-Vapi, Dis-Vapi, Gujarat-396191**
**Mo 7383282201**

**V/S**

**OPPONENTS - The Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa.**

**NOTICE**

The public to take note that the above, named applicant Saurabh Mishra's son, namely Aadvik Saurabh Mishra who was born on 03/08/2024 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa. Hence, the applicant has moved on application to pass an order to register birth of Aadvik Saurabh Mishra. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly. **Sd/-**
**RTS-I**

## દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ

**રજીસ્ટર્ડ ઓફિસ:** પહેલો અને બીજો માળ, વિદ્યુત ભવન, સેક્રેટરિયટ બિલ્ડિંગની બાજુમાં, ૬૬ કે.વી. રોડ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ - ૩૯૬૨૩૦
CIN: U40101DN2022PLC005707

### જાહેર નોટીસ

માનનીય જોઇન્ટ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (જેઇઆરસી) એ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ (ડીએનએચડીડી પીડીસીએલ) દ્વારા દાખલ કરાયેલી પિટિશન નંબર ૧૬૫/૨૦૨૬ માં તા. ૧૬ જૂન ૨૦૨૬ ના રોજના આદેશ દ્વારા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પુરવઠા વિસ્તાર માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કુલ એગ્રીગેટ રેવન્યુ રિક્વાયરમેન્ટ (એઆરઆર) ના ટ્રુ-અપને મંજૂરી આપી છે.

ઉપરોક્ત આદેશમાં માનનીય કમિશને ૩.૭૭% ના રેગ્યુલેટરી સરચાર્જને મંજૂરી આપી છે જે તા. ૧ જુલાઇ ૨૦૨૬ થી અમલમાં આવશે. ઉપરોક્ત રેગ્યુલેટરી સરચાર્જ, પિટિશન નંબર ૧૪૫/૨૦૨૫ માં તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના આદેશ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે મંજૂર કરેલ ટેરિફ અને ૫.૦૦% નાં રેગ્યુલેટરી સરચાર્જની ઉપરાંત લાગુ થશે.

આ નોટિસ અને માનનીય કમિશનના પિટિશન નં. ૧૬૫/૨૦૨૬ માં તા. ૧૬ જૂન, ૨૦૨૬ નો આદેશ તથા પિટિશન નં. ૧૪૫/૨૦૨૫ માં તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના આદેશ વચ્ચે કોઈ અસંગતતા હશે તો ઉલ્લેખિત આદેશો માન્ય રહેશે.

**અધિકૃત હસ્તાક્ષર કરનાર**
**ડી.એન.એચ.ડી.ડી. પાવર**
**ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિ.**

તારીખ: ૨૩.૦૬.૨૦૨૬

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૩૭૫/૨૦૨૬

**અરજદાર : દલશુખભાઈ સોમાભાઈ પટેલ,**
**રહે.** જીવન જ્યોત ફળિયું, કકવાડી-દાંતી
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કકવાડી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દલશુખભાઈ સોમાભાઈ પટેલ,** રહે.જીવન જ્યોત ફળિયું, કકવાડ, કકવાડી-દાંતી, તા.જી.વલસાડએ તેમના પિતા **ટંડેલ સોમાભાઈ નાનભાઈનું** મરણ તા.૧૦-૧૦-૧૯૮૩ના રોજ મોજે. કકવાડી-દાંતી,, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૩૭૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૮૨૧/૨૦૨૬

**અરજદાર : પટેલ શૈલેશકુમાર છીબાભાઈ,**
**રહે.** ભાગલ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાગલ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ શૈલેશકુમાર છીબાભાઈ,** રહે.ભાગલ, તા.જી.વલસાડએ તેમના પોતાનો **પટેલ શૈલેષકુમાર છીબાભાઈનો** જન્મ તા.૧૮-૦૭-૧૯૭૧ના રોજ મોજે. ભાગલ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૮૨૧/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

## CHANGE OF NAME

I HAVE CHANGED OLD NAME FROM
FARHINBANU USMANBHAI KHALIFA TO
NEW NAME
CALIFA FARHINBANU GULAMRASUL
ADD. H. NO, 3-26, GHANCHIEAD. NANI DAMAN
396210










**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
**www.damangangatimes.com**

Wednesday 24, June 2026

# દમણગંગા ટાઇમ્સ

**ભારત માર્બલ વોટરપ્રુફીંગ**
વાંચશો તો જાણશો ને?
ખુશખબર... ખુશખબર...
શુ તમારું ધાબુ લીક થાય છે ???
શુ તમારા ધાબામાંથી પાણી ટપકે છે? તદ આના માટે ભારત મારબલ નવી ટેકનીક લઈને આવ્યા છે.
દર વર્ષની વોરંટી સાથે ધાબાનું લીકેજ બંધ કરી દેવામાં આવશે.
ઉપરાંત દશ વર્ષની લેખીત વોરંટી આપવામાં આવશે.
પધ્ધતિસર ધારા પર ઈટાલીયન માર્બલ પેસ્ટ કરી આપવામાં આવશે
અમારી કામ કરવાની પદ્ધતિ
- ધાબુ વોશ કરી એના પર પીછી કેમીકલ લગાડવામાં આવે છે
- પીછી લાગ્યા પછી પ્લાસ્ટર ઉપર ૩ થી ૪ એમએમ માલ ચડાવવામાં આવે છે
- ત્યારબાદ કેમીક
ચંદન મેહરા મો. ૯૭૨૫૨૧૪૮૧૪
હવે શું વિચારો છો ? આજે જ સંપર્ક કરો : નોંધ એડવાન્સ બુકીંગ ચાલુ છે એક જ કોલ કરો, માણસ વિઝીટ માટે આવી જશે. વીઝીટનો કોઈ ચાર્જ નથી

## દાંતીમાં માત્ર ૩૦૦ મીટરની પ્રોટેક્શન વોલના અભાવે સમસ્યા

# સાંસદ ધવલભાઈએ દરિયાઈ ધોવાણથી ગ્રસ્ત વલસાડના કાંઠાની મુલાકાત લીધી

**દાંતી કકવાડી અને દાંડી સુધીની ચાર કિમીની પ્રોટેક્શન વોલની તાતી જરૂરીયાત : વારંવાર ધોવાઈ જતી પ્રોટેક્શન વોલના રક્ષણ માટે મુંબઈ મરીન ડ્રાઈવ તેમજ કર્ણાટકના મરૂદેશ્વર સમુદ્ર કાંઠે બનાવવામાં આવેલી ટ્રેટા પોટ્સ ટાઈપ બ્રેક વોટર બનાવવા પણ રજૂઆત : ઉચ્ચ સ્તરે રજુઆત કરવા સાંસદનું આશ્વાસન**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારના કકવાડી, દાંડી, ભાગલ અને માલવણ ગામને સ્પર્શતા પ્રોટેકશન વોલના મુદ્દે લોકસભાના દંડકે આજરોજ કાંઠા વિસ્તારની મુલાકાત લીધી હતી. આ વિસ્તારમાં દરિયાઈ ધોવાણને અટકાવવા માટે જરૂરી પ્રોટેકશન વોલ બનાવવા માટે રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને રજૂઆત કરી આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે ખાતરી આપી હતી.



વલસાડ તાલુકના કાંઠા વિસ્તારમાં આવેલા નાનીદાંતીગામમાં દરિયાઈ ધોવાણ અટકાવવા માટે રૂા. ૩૮ કરોડના ખર્ચે રાજ્ય સરકાર દ્વારા ૧૫૦૦ મીટરની પ્રોટેકશન વોલ બનાવવામાં આવી હતી. જેમાં ૩૦૦ મીટરની પ્રોટેકશન વોલનું કામ બાકી હોવાથી ભરતીનું પાણી ગામમાં ઘુસી જતા ભારે મુશ્કેલી વેઠવી પડતી હોય છે. જેથી ગ્રામજનોની રજૂઆતને ધ્યાને લઈ સાંસદ ધવલભાઈ પટેલે શાળા પ્રવેશોત્સવની ઉજવણી બાદ ગ્રામજનો સાથે દાંતી કકવાડીના દરિયા કાંઠાની વિઝિટ લઈ ગ્રામજનોની સમસ્યા જાણવાનો પ્રયાસ કરી તેઓ સાથે સંવાદ કર્યો હતો. આ વેળા ગ્રામજનોએ સાંસદે જણાવ્યું કે, દાંતીમાં દાંડા સ્ટ્રીટની સામે પ્રોટેકશન વોલ ક્ષતિગ્રસ્ત થઈ છે. જેની મરામત માટે રજૂઆત કરી હતી. આ સિવાય ખૂબ જ મહત્વના પ્રશ્ન એવા, દાંતી કકવાડી અને દાંડી સુધીની ચાર કિમીની પ્રોટેકશન વોલની તાતી જરૂરીયાત હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. હાલમાં અહીં -નેટેકશન વોલ ન હોવાથી બે વર્ષમાં ભારે દરિયાઈ ધોવાણ થયું છે. જેથી ગ્રામજનોએ અહીં સામાન્ય પ્રોટેકશન વોલ નહી પરંતુ પાણીના પ્રહારને તોડી શકે તેવી ઉભી બ્રેક વોટર (પુસ્ટા-ઉભા પાળા) ટાઈપની પ્રોટેકશ વોલ બનાવવા માંગ કરી હતી. જેમાં એક કિમીના અંતરે એક પુસ્ટા બનાવે તો રેતી સરકી ન જાય. આ વિસ્તારના સમુદ્રમાં કરંટ વધુ હોવાથી રેતી ઝડપભેર સરકી જાય છે. જેથી ધોવાણ વધુ થાય છે. સરકાર પ્રોટેકશન વોલ બનાવે છે પરંતુ તેના રક્ષણ માટે આગળના ભાગે મુંબઈ મરીન ડ્રાઈવ તેમજ દક્ષિણ ભારતમાં કર્ણાટકના મરૂદેશ્વર સમુદ્ર કાંઠે બનાવવામાં આવેલી ટ્રેટા પોટ્સ ટાઈપ બ્રેક વોટર બનાવવા પણ રજૂઆત કરી હતી જેથી પ્રોટેકશન વોલ વારંવાર ક્ષતિગ્રસ્ત ન થાય એ માટે રજૂઆત કરી હતી. ગ્રામજનોની રજૂઆતો અને તેઓની સમસ્યા ધ્યાનપૂર્વક સાંભળી સાંસદે આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે રાજયના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને જળસંપત્તિ મંત્રી સુધી રજૂઆત કરવાની ખાતરી આપી આ પ્રશ્ન જેટલો જલદી ઉકેલી શકાય તે માટે પૂરતા તમામ પ્રયાસ કરવાની ખાતરી આપી હતી. આ મુલાકાત વેળા વિવિધ ગામના સરપંચો, માજી સરપંચો, તાલુકા પંચાયતના સભ્યો અને આગેવાનો જોડાયા હતા.

# દ.ગુ.માં વરસાદની આગાહી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૨૩ :** હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક દરમિયાન ડાંગ સહિત દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જાહેર કરાયેલા હવામાન બુલેટિન મુજબ ડાંગ, નવસારી, વલસાડ, સુરત તેમજ દમણ, દાદરા અને નગર હવેલી વિસ્તારમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ વરસવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી જિલ્લાઓમાં હળવા ગાજવીજ સાથે વરસાદ, વીજળી પડવાની શક્યતા તેમજ ૪૦ થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે સપાટી પવન ફૂંકાવાની આગાહી પણ કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને સાવચેત રહેવા, નદી-નાળા અને નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા તેમજ ભારે વરસાદ અને વીજળીના સમયે સુરક્ષિત સ્થળે આશરો લેવા અપીલ કરવામાં આવી છે. ખેડૂતો, વાહનચાલકો અને ગ્રામ્ય વિસ્તારોના રહેવાસીઓને ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે. કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તો તાત્કાલિક જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (DEOC) અથવા સ્થાનિક તંત્રનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# માંડવામાં સતીપતિ પરંપરામાં માનતા એક પરિવારની દિકરીઓ શિક્ષણથી વંચિત રહી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૨૩ :** નાનાપોઢા તાલુકાના માંડવાગામના કાપૂનિયા ફળિયામાં રહેતા એક આદિવાસી પરિવારની બે દીકરીઓ એક ચોક્કસ વિચારધારાને કારણે શિક્ષણથી વંચિત રહી જતાં સ્થાનિક સ્તરે ચિંતા વ્યક્ત થઈ રહી છે. આસમાભાઈ કમલભાઈ પટારા પોતાની પત્ની અને પાંચ સંતાનો - બે પુત્રો તથા ત્રણ પુત્રીઓ સાથે મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. આ પરિવાર પોતાને 'સતી પતિ' પરંપરાના અનુયાયી તરીકે ઓળખાવે છે. પરિવારજનોના જણાવ્યા મુજબ તેઓ પોતાની ઓળખ ભારત સરકારની નાગરિકતા સાથે જોડાયેલી હોવાનો દાવો કરે છે, પરંતુ સરકારી વહીવટી વ્યવસ્થા અને કેટલીક સરકારી પ્રક્રિયાઓને સ્વીકારતા નથી. આ માન્યતાઓના કારણે પરિવાર



મુખ્ય પ્રવાહની વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓથી દૂર રહ્યો હોવાનું સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે. તેમ છતાં, બાળકોના શિક્ષણ અને તેમના ભવિષ્યને ધ્યાનમાં રાખીને સમાજના વિવિધ વર્ગો દ્વારા યોગ્ય માર્ગદર્શન અને સહયોગની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી રહી છે.વધુમાં પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી અને રોજગારી માટે વિવિધ સ્થળોએ ભટકવું પડતું હોવાથી બાળકોનું નિયમિત શિક્ષણ જાળવી રાખવું મુશ્કેલ બન્યું હોવાનું પણ જાણવા મળે છે. પરિણામે પરિવારની બે દીકરીઓ શાળાના અભ્યાસથી દૂર રહી ગઈ છે પણ પરિવારની ૧૨ વર્ષની દીકરી અમૃતા ભણવાની તીવ્ર ઈચ્છા ધરાવે છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ આવા પરિવારો સુધી શિક્ષણની સુવિધા અને સરકારી યોજનાઓનો પૂરતો લાભ પહોંચે તે માટે વધુ અસરકારક પ્રયાસોની જરૂર છે.

# વલસાડમાં નવી હાઈરાઈઝ બિલ્ડિંગોના ડ્રેનેજ જોડાણ સામે સ્થાનિકોનો ઉગ્ર વિરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** વલસાડ નગરપાલિકાના બરૂડીયાવાળ વિસ્તારમાં નવી બનાવવામાં આવેલી નવી હાઈરાઈઝ સેન્ટ્રલ પાર્ક મિલેનિયમ નામની બિલ્ડીંગમાં પાલિકા દ્વારા ડ્રેનેજ કનેક્શન આપવાના મામલે વોર્ડ નંબર ૨ અને ૫ના સ્થાનિક રહીશોએ સખત વાંધો ઉઠાવી વલસાડ નગરપાલિકા ચીફ ઓફિસર પ્રમુખ કારોબારી ચેરમેન સહિત અન્ય અધિકારીઓને લેખિત રજૂઆત કરી ડ્રેનેજ કનેક્શન પ્રક્રિયાને તાત્કાલિક અસરથી રોકવામાં નહીં આવે, તો રહીશો દ્વારા જનહિતમાં ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવાની ચીમકી આપી છે. રહીશોની ફરિયાદ મુજબ આ બિલ્ડીંગમાં ડ્રેનેજ કનેક્શન આપવામાં આવશે તો નીચાણવાળા રામલાલા મંદિર વિસ્તાર, કાન ફળિયું, ભૂત ફળિયું, બરૂડવાડ, સપ્તશૃંગી માતાનું મંદિર, કોયચ ફળિયું અને વલસાડપારડી પ્રાથમિક શાળા જેવા વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ જણાય છે.

સ્થાનિક આગેવાનો રાજેશ પટેલ ઉર્ફે રાજુ મરચા અને મુકેશ ડી. દેસાઈ સહિતના વિસ્તારના રહીશોએ જણાવ્યું કે આ વિસ્તાર ભૌગોલિક દ્રષ્ટિએ નીચાણવાળો છે. દર વર્ષે ચોમાસામાં અહીં ઔરંગા નદીના પૂરના પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા રહે છે. છેલ્લા ૬ થી ૭ વર્ષથી આ વિસ્તારમાં ડ્રેનેજ કે ગટરની યોગ્ય વ્યવસ્થા નથી. આવી સ્થિતિમાં આ ઈમારતને જોડાણ આપવામાં આવશે તો પરિસ્થિતિ વધુ વણસશે.જી.યુ.ડી.સી. દ્વારા પણ અહીં સમસ્યાઓ ઉદભવવાની આશંકાએ અગાઉ કનેક્શન આપવામાં આવ્યા ન હોવાનું પણ જણાવવામાં આવી રહ્યું છે. વધુમાં આ લેખિત રજૂઆતમાં બિલ્ડિંગનું BUC તાત્કાલિક અસરથી રદ કરવાની માંગ કરવામાં આવી છે. આ મામલે અધિકારીઓ અને બિલ્ડર વચ્ચે મોટી સાંઠગાંઠ હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે.

# વાપીમાં ૨ કિલો ગાંજા સાથે રિક્ષા ચાલક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપી શહેરમાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરફેર સામે ચાલી રહેલી કામગીરી દરમિયાન વાપી એસઓજી પોલીસે મોટી સફળતા મેળવી છે. પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે ટેલિફોન એક્સચેન્જ રોડ પર તિરુપતિ ટાવર ગેટ સામે વોચ ગોઠવી કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન જીજે-૧૫-એ ડબ્લ્યુ-૧૯૭૪ નંબરની ઓટો રિક્ષાની તપાસ કરતા તેમાંથી અંદાજે ૨ કિલોગ્રામ ગાંજો કિંમત રૂા. ૧ લાખ મળી આવ્યો હતો. પોલીસે રિક્ષા ચાલક પ્રબિંદર ધર્મશીલા યાદવને સ્થળ પરથી જ ઝડપી પાડી તેની અટકાયત કરી હતી. આરોપી હાલ વાપીના સરસ્વતી નગર વિસ્તારમાં વિક્કીભાઈના મકાનમાં રહે છે, જ્યારે તેનો મૂળ વતન બિહાર હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે કબ્જે કરાયેલા ગાંજાનો જથ્થો અને રિક્ષા જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં આરોપી ગાંજાનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે અંગે માહિતી મેળવવાના પ્રયાસો હાથ ધરાયા છે.

આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. ડી.ડી. પરમાર અને પીએસઆઈ સુમલડેની ટીમે કરી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વલસાડમાં છીપવાડ અંડરપાસ પાણીમાં ગરકાવ થતાં જ પાલિકા જાગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૨૩ :** દક્ષિણ ગુજરાતમાં ૨૧મી જૂનથી ચોમાસાનો પ્રારંભ થતો હોય છે આ વખતે ૨૨મી જૂને એકાદ ઈંચ વરસાદથી પ્રારંભ થતાની સાથે જ વલસાડને પૂર્વના ગામોથી જોડતો ૩૨૯/૩૩૦ રેલવેના મહત્વના અંડરપાસમાં પાણી ભરાઈ જતા અવરજવર સ્થગીત થઈ ગઈ. મોગરાવાડીની જનતાને તો ચાલતા જવું પણ ભારે દુષ્કર બન્યું છે. પાશેરામા પહેલી પૂણી જેવો ઘાટ છે. ચાર પાંચ ઈંચ વરસાદ થશે તો આખો અંડરપાસ ગરકાવ થઈ જશે. ત્યારે છિપવાડના અંડરપાસમાં પણ બે ત્રણ ફૂટ પાણી ભરાઈ જતા પૂર્વના રહીશોએ સાત આઠ કિલોમીટરનો ફરજિયાત ચકરાવો ખાઈને પશ્ચિમમાં આવવું પડશે.

સંબંધિત તંત્રો આગ લાગે ત્યારે કુવો ખોદવા જેવો ઘાટ કરી હાલમાં રેલ્વેનો આખો યાર્ડ વિસ્તાર ઉત્તરે ખસેડતા પાઈપ નાખીને વર્ષો જૂની ગટરને સાંકડી કરી નાખી છે,

ત્યાંથી છીપવાડ સુધીની ગટરની સફાઈ કરવામાં આવી રહી છે

પરંતુ તેમાંથી મોગરાવાડી અંડરપાસમાં ભરાતા વરસાદી પાણીનો નિકાલ ૨૪ કલાકમાં પણ થશે નહીં અને છીપવાડ અંડરપાસ તેમાં ઉમેરો કરશે. રેલવે સ્ટેશન , મોગરાવાડી અબ્રામામાંથી જે વરસાદી પાણી આવે છે તેના ઝડપી નિકાલ કરી શકાય તેવી યોજના માટે તંત્રોએ સજ્જ થવું પડશે. નહીં તો આ ચોમાસુ વલસાડ નગરપાલિકા માટે યાદગાર નિવડશે. પૂર્વના રહીશોએ ભયંકર ત્રાસ વેઠવો પડશે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount – Till 31st March
FREE Textbooks – From Nursery to Std 10
Special Concession – On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

**નેમિનાથ ટ્રેડર્સ**
ખીલા · વાયર · વેલ્ડમેસ
ખીલી · હુક · જાળી · નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

**દમણગંગા ટાઇમ્સ**
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

**ADMISSION NOTICE**
**POST DIPLOMA IN INDUSTRIAL ENVIRONMENTAL TECHNOLOGY AND MANAGEMENT**
**PART TIME TWO YEARS DIPLOMA COURSE 2026-28**
**APPROVED BY THE DIRECTOR OF TECHNICAL EXAMINATION BOARD, GANDHINAGAR, GUJARAT**
**REGISTRATION No. VD - 43**
**ELIGIBILITY**
- M.E./M.Tech./Ph.D./B.E./ B.Tech. PDIS or M.Sc. In any discipline With Physics, Chemistry, Electronics or Environment - Experience not essential.
- Diploma in any branch of Engineering or Technology or B.Sc. In any discipline With Chemistry, Physics, Electronics or Environment with two (2) years Experience.
An experience should be in manufacturing, maintenance or Safety Department of any Industry or any Research Training or Education in the field of Safety or in Government Department in Administration of any Safety Legislation.
Candidates those who desiring for admission should be required to produce Domicile Certificate of Gujarat State.
**APPLICATION FORM**
The application form and prospectus is available on payment of Rs. 300/-Cheque or Demand draft only from the following address:
**S. S. Patel (Course Coordinator)**
**VAPI EMERGENCY CONTROL CENTRE**
c/o Vapi Industries Association,
Plot No. 135, GIDC, Vapi- 396195
Ph. No. 0260-2433950, Mo.9825144214
**Last date of receiving application form duly filled in by Date 30.06.2026. Interview Date Will Inform you letter (come with original certificates with True copy)**

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**